સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

**WEEKLY CURRENT AFFAIRS**

WEEK 24

JUNE 2024
09-06-24 TO 15-06-24

સંપાદક
મૌલિક ગોંધિયા

## મૈં નરેન્દ્ર દામોદરદાસ મોદી ઈશ્વર કી શપથ લેતા હું કી...



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**09 JUN-2024**

- SEBIએ એશિયા પેસિફિકમાં 'બેસ્ટ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડ જીત્યો ........ 02
- બિહારમાં નવી રામસર સાઈટ ........ 03
- QUESTION ANSWERS ........ 05

**10 JUN-2024**

- ફ્રેન્ચ ઓપન 2024 (French Open 2024) ........ 06
- Indo-Pacific Economic Framework for Prosperity (IPEF) ........ 07
- સુશ્રી અનામિકા રાજીવ ભારતીય નૌકાદળના પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બન્યા ........ 09
- QUESTION ANSWERS ........ 10

**11 JUN-2024**

- શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ ........ 11
- QUESTION ANSWERS ........ 37

**12 JUN-2024**

- દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ (World Day Against Child Labour) ........ 40
- વિશાખાપટ્ટનમ પોર્ટ વૈશ્વિક કાર્યક્ષમતા સૂચકાંકમાં 19મા ક્રમે ........ 40
- લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આગામી આર્મી ચીફ તરીકે નિયુક્ત ........ 41
- ભારતીય શાસ્ત્રીય સંગીતકાર શ્રી રાજીવ તારાનાથનું નિધન ........ 41
- QUESTION ANSWERS ........ 43

**13 JUN-2024**

- દિવસ મહિમા : 13 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ (International Albinism Awareness Day) ........ 44
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN) ........ 44
- પરમાણુ ઘડિયાળ (Atomic Clock) ........ 45
- UNESCO'S State of Ocean Report 2024 ........ 46
- QUESTION ANSWERS ........ 48

**14 JUN-2024**

- દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ (World Blood Donor Day) ........ 49
- Global Gender Gap Report 2024 : WEP ........ 49
- બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સ ........ 51
- QUESTION ANSWERS ........ 54

**15 JUN-2024**

- દિવસ મહિમા : 15 જૂન, વૈશ્વિક પવન દિવસ (Global wind Day), વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ ........ 55
- પૃથ્વીનો આંતરિક ભાગ (Inner Core of the Earth) ........ 55
- જોશીમઠ અને કોસીયાકુટોલીના નામમાં ફેરફાર ........ 59
- QUESTION ANSWERS ........ 60

**ONE LINER** ........ 61

**QUESTION OF THIS WEEK** ........ 65


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SEBIએ એશિયા પેસિફિકમાં 'બેસ્ટ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડ જીત્યો



ધ એશિયન બેન્કરના જણાવ્યા મુજબ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ને તાજેતરમાં એશિયા–પેસિફિક વિસ્તાર માટે 'બેસ્ટ કન્ડક્ટ ઓફ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડ આપવામાં આવ્યો હતો.

- આ પુરસ્કાર હોંગકોંગમાં એક કાર્યક્રમ દરમિયાન આપવામાં આવ્યો હતો.
- SEBIએ ઘણા મહત્ત્વપૂર્ણ પગલા લીધા છે જેણે ભારતીય શેરબજારને વધુ કાર્યક્ષમ અને વિશ્વાસપાત્ર બનાવ્યું છે.

### SEBI વિશે

SEBIનું પૂરું નામ **'Securities and Exchange Board of India'** છે.

- SEBI એ 12 એપ્રિલ, 1992ના રોજ 'સિક્યોરિટીઝ એન્ડ એક્સેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992'ની જોગવાઈઓ અનુસાર સ્થપાયેલી વૈધાનિક સંસ્થા (સંસદ દ્વારા સ્થાપિત બિન–બંધારણીય સંસ્થા) છે.
- SEBIનું મૂળભૂત કાર્ય સિક્યોરિટીઝમાં રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનું અને સિક્યોરિટી માર્કેટને પ્રોત્સાહન અને નિયમન કરવાનું છે.
- SEBIનું મુખ્ય મથક મુંબઈમાં આવેલું છે.
- અને પ્રાદેશિક કચેરીઓ અમદાવાદ, કોલકાત્તા, ચેન્નાઈ અને દિલ્હી ખાતે આવેલી છે.
- SEBI અસ્તિત્વમાં આવી તે પહેલાં કન્ટ્રોલર ઓફ કેપિટલ ઈશ્યૂઝ એ નિયમનકારી સત્તા હતી, તેને કેપિટલ ઈશ્યૂઝ (કંટ્રોલ) એક્ટ, 1947 હેઠળ સત્તા આપવામાં આવી હતી.
- ભારતમાં મૂડી બજારોના નિયમનકારી તરીકે ભારત સરકારના ઠરાવ હેઠળ એપ્રિલ, 1988માં સેબીની રચના કરવામાં આવી હતી.
- શરૂઆતમાં સેબી એક બિન–કાયદેસર સંસ્થા હતી જેની પાસે કોઈ વૈધાનિક સત્તા ન હતી.
- સેબી એક્ટ, 1992 દ્વારા તે એક સ્વાયત્ત સંસ્થા બની અને તેને વૈધાનિક સત્તા આપવામાં આવી.

### SEBIનું માળખુ, સત્તા અને કાર્યો

SEBI બોર્ડમાં એક અધ્યક્ષ અને કેટલાક પૂર્ણ–સમય અને અંશકાલિક સભ્ય હોય છે.

- તે સમયાંતરે તે સમયના મહત્વના મુદ્દાઓની તપાસ કરવા માટે વિવિધ સમિતિઓની નિમણૂક પણ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત સેબીના નિર્ણયથી અસંતુષ્ટ સંસ્થાઓના હિતોના રક્ષણ માટે સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ (SAT)ની પણ રચના કરવામાં આવે છે.
- SATમાં પ્રિસાઈડિંગ ઓફિસર અને અન્ય બે સભ્યો હોય છે.
- સેબી પાસે સમાન સત્તાઓ છે જે સિવિલ કોર્ટમાં હોય છે.
- આ સિવાય જો કોઈ વ્યક્તિ SATના નિર્ણય અથવા આદેશથી સહમત ન હોય તો તે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે.
- સિક્યોરિટીઝ લોઝ (સુધારા) અધિનિયમ, 2014 દ્વારા સેબી હવે રૂ. 100 કરોડ કે તેથી વધુ રકમની કોઈપણ મની પૂલિંગ યોજનાનું નિયમન કરી શકે છે અને બિન–અનુપાલનના કિસ્સામાં સંપત્તિઓ જપ્ત કરી શકે છે.
- સેબીના અધ્યક્ષને શોધ/તપાસ અને જપ્તી કામગીરીનો આદેશ આપવાની સત્તા છે.
- સેબી બોર્ડ કોઈપણ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શનના સંબંધમાં વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પાસેથી ટેલિફોન કોલ ડેટા રેકોર્ડ જેવી માહિતી માટે પણ કોલ કરી શકે છે.
- સેબી વેન્ચર કેપિટલ ફંડ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સ સહિતની સામુહિક રોકાણ યોજનાઓના કામકાજની નોંધણી અને નિયમન સાથે પણ વ્યવહાર કરે છે.

નોંધ : (1) SEBIના વર્તમાન અધ્યક્ષ સુશ્રી માધબી પુરી બુચ છે.
(2) નોંધનીય છે કે સુશ્રી માધબી પુરી બુચ SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બિહારમાં નવી રામસર સાઈટ



તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બિહારમાં નાગી અને નક્તી પક્ષી અભયારણ્યોને રામસર સંમેલન હેઠળ આ બંને વેટલેન્ડને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની વેટલેન્ડ યાદીમાં ઉમેરવામાં આવી છે.

- આ બંનેના ઉમેરા સાથે હવે ભારતમાં 82 રામસર સાઈટ છે.
- જે પર્યાવરણની સુરક્ષા માટે દેશના પ્રયાસોમાં એક મોટું પગલું છે.

### નાગી અને નક્તી પક્ષી અભયારણ્ય વિશે

નાગી અને નક્તી પક્ષી અભયારણ્ય બિહારના જમુઈ જિલ્લામાં છે.

- તેઓ સૌપ્રથમ લોકો દ્વારા સિંચાઈ માટે તળાવ તરીકે બનાવવામાં આવ્યા હતા.

- સમય જતા આ ભેજવાળી જગ્યાઓ ઘણા પ્રકારના છોડ અને પ્રાણીઓ, ખાસ કરીને પક્ષીઓની પ્રજાતિઓ માટે રહેવા માટે મહત્ત્વપૂર્ણ સ્થાનો બની ગયા છે.
- તેઓ અનુક્રમે 791 અને 333 હેક્ટરમાં ફેલાયેલા છે.
- બંને અભયારણ્યોને 1984માં પક્ષી અભયારણ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- 150થી વધુ પ્રકારના પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, માછલીઓ અને જળચર છોડ આ અભયારણ્યમાં રહેલા છે.
- દર વર્ષે આ વેટલેન્ડ્સ 20,000થી વધુ સ્થળાંતર કરનારા પક્ષીઓનું ઘર છે.

## રામસર સંમેલન વિશે

તે એક આંતરસરકારી સંધિ છે, જે કેસ્પિયન સમુદ્રના દક્ષિણ કિનારે સ્થિત ઈરાની શહેર રામસરમાં 2 ફેબ્રુઆરી, 1971ના રોજ અપનાવવામાં આવી હતી.

- રામસર સંમેલનને 'કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેનું નામ ઈરાનના રામસર શહેર પરથી રાખવામાં આવ્યું છે.
- રામસર માન્યતા એ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી આદ્રભૂમિ અથવા ભીની જમીનોની ઓળખ છે.
- ભારત આ સંમેલનમાં 1982માં સમાવિષ્ટ થયું હતું.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ આદ્રભૂમિ દિવસ' (World Wetland Day)ની ઉજવણી કરવામાં આવે છે.

(2) આદ્રભૂમિ એવું દલદલીય તથા પાણી વાળું ક્ષેત્ર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે, શાંત કે વહેતું પાણી, ખારું કે મીઠું પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી એવા જળજમાવ ક્ષેત્રની ઊંડાઈ 6 મીટરથી વધારે ન હોય.

(3) ભારતમાં રામસર સાઈટની સૌથી વધુ સંખ્યા તમિલનાડુ (16 સાઈટ્સ)માં છે, ત્યારબાદ ઉત્તરપ્રદેશ (10 સાઈટ્સ)માં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત રાજ્યમાં આવેલ રામસર સાઈટ

| ક્રમ | રામસર સાઈટ |
|---|---|
| 1 | નળ સરોવર પક્ષી અભયારણ્ય |
| 2 | ખીજડીયા પક્ષી અભયારણ્ય |
| 3 | થોળ તળાવ |
| 4 | વઢવાણા વેટલેન્ડ (ડભોઈ પાસેનું) |



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં SEBIએ એશિયા પેસિફિકમાં 'બેસ્ટ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડ જીત્યો છે. SEBI વિશે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

   1. તેનું પૂરું નામ 'Securities and Exchange Board of India' છે.
   2. તે 12 એપ્રિલ, 1992ના રોજ 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992'ની જોગવાઈઓ અનુસાર સ્થપાયેલી વૈધાનિક સંસ્થા છે.
   3. તેનું મૂળભૂત કાર્ય સિક્યોરિટીઝમાં રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનું અને સિક્યોરિટી માર્કેટને પ્રોત્સાહન અને નિયમન કરવાનું છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3
   (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

2. સેબી (SEBI)નું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

   (A) લખનૌ (B) દિલ્હી (C) જયપુર (D) મુંબઈ **(D)**

3. તાજેતરમાં 'નાગી' અને 'નકતી' વેટલેન્ડને રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બંને સાઈટ કયા રાજ્યમાં આવેલી છે ?

   (A) બિહાર (B) તમિલનાડુ (C) ઉત્તરપ્રદેશ (D) કેરળ **(A)**

4. ભારતમાં વર્તમાન કુલ કેટલી રામસર સાઈટ છે ? (15 જૂન, 2024ની સ્થિતિએ)

   (A) 60 (B) 75 (C) 80 (D) 82 **(D)**

5. ગુજરાતમાં આવેલી રામસર સાઈટમાં નીચેના પૈકી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

   (A) નળ સરોવર પક્ષી અભયારણ્ય (B) રામપરા અભયારણ્ય
   (C) થોળ તળાવ (D) વઢવાણા વેટલેન્ડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ફ્રેન્ચ ઓપન 2024 (French Open 2024)

તાજેતરમાં 26 મે થી 11 જૂન, 2024 દરમિયાન ફ્રાન્સના પેરિસના સ્ટેટ રોલાન્ડ ગેરોસ ખાતે ફ્રેન્ચ ઓપનની 123મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સ્પેનના શ્રી કાર્લોસ અલ્કારાઝએ જર્મનીના શ્રી એલેકઝાંડર ઝ્વેરેવને પરાજય આપીને મેન્સ સિંગલ્સનું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું છે.
- જ્યારે પોલેન્ડના સુશ્રી ઈગા સ્વાઈટેકએ ઈટાલીના જાસ્મીન પાઓલિનીને હરાવીને વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યું છે.

### ફ્રેન્ચ ઓપન 2024 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) | શ્રી એલેકઝાંડર ઝ્વેરેવ (જર્મની) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વાઈટેક (પોલેન્ડ) | સુશ્રી જાસ્મીન પાઓલિની (ઈટાલી) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી માર્સેલો અરેવાલો (અલ સાલ્વાડોર) | શ્રી એન્ડ્રીયા વાવાસોરી (ઈટાલી) |
| | | શ્રી મેટ પાવિક (ક્રોએશિયા) | શ્રી સિમોન બોલેલી (ઈટાલી) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી કોકો ગૌફ (અમેરિકા) | સુશ્રી જાસ્મીન પાઓલિની (ઈટાલી) |
| | | સુશ્રી કેટરીના સિનિયાકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી સારા ઈરાની (ઈટાલી) |
| 5 | મિક્સ ડબલ્સ | શ્રી એડવર્ડ રોજર–વેસેલિન (ફ્રાન્સ) | શ્રી નીલ સ્કુપ્સકી (બ્રિટન) |
| | | સુશ્રી લૌરા સિગેમન્ડ (જર્મની) | સુશ્રી ડેસિરા ક્રાવ્ઝિક (અમેરિકા) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS





## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | ક્યા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.
(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

## Indo-Pacific Economic Framework for Prosperity (IPEF)

ભારતે 6 જૂન, 2024ના રોજ સિંગાપોરમાં આયોજિત ઈન્ડો–પેસિફિક 'ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી' (IPEF)માં ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેમાં ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ભાગીદાર દેશો વચ્ચે આર્થિક જોડાણને મજબૂત કરવા માટે નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.



## બેઠકના મુખ્ય મુદ્દાઓ

IPEF સભ્યોએ સ્વચ્છ અર્થતંત્ર, ન્યાયી અર્થતંત્ર અને એકંદર IPEF કરાર પર કેન્દ્રિત ત્રણ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

- નોંધનીય છે કે ભારતે ઔપચારિક રીતે આ કરારો પર હસ્તાક્ષર કર્યા નથી કારણ કે સ્થાનિક મંજૂરીની પ્રક્રિયા હજુ ચાલુ છે.
- સ્વચ્છ અર્થતંત્ર કરારનો ઉદ્દેશ્ય ઊર્જા સુરક્ષા, આબોહવા સ્થિતિસ્થાપકતા અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા તરફના પ્રયત્નોને વેગ આપવાનો છે.
- ભારતે 'કોઓપરેટિવ વર્ક પ્રોગ્રામ' (CWP) નામના નવા સહયોગી પ્રયાસો શરૂ કરવામાં આગેવાની લીધી છે.
- જે ઈલેક્ટ્રોનિક કચરામાંથી મૂલ્યવાન સંસાધનોને પુનઃપ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેને 'ઈ–વેસ્ટ અર્બન માઈનિંગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- IPEFની ઉભરતી અને ઉચ્ચ–મધ્યમ આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓમાં સ્વચ્છ અર્થતંત્રના માળખાકીય પ્રોજેક્ટને ટેકો આપવા માટે ફંડ શરૂ કરવામાં આવ્યું હતું.
- ઓસ્ટ્રેલિયા, જાપાન, કોરિયા અને યુએસ જેવા સ્થાપક સમર્થકોએ 3.3 બિલિયન અમેરિકન ડોલરના ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે 33 મિલિયન અમેરિકન ડોલર બીજ ભંડોળ પૂરું પાડ્યું હતું.
- તેનો ઉદ્દેશ વધુ પારદર્શક અને અનુમાનિત વ્યાપારી વાતાવરણ બનાવવાનો, વાજબી સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનો અને ભ્રષ્ટાચાર સામેના પ્રયત્નોને વધારવાનો છે.

## IPEF

IPEFનું પૂરું નામ 'Indo-Pacific Economic Framework for Prosperity' છે.

- IPEF 23 મે, 2022ના રોજ જાપાનના ટોક્યોમાં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 14 દેશો સામેલ હતા.
- IPEF ક્ષેત્રમાં વિકાસ, આર્થિક સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવાના ધ્યેય સાથે ભાગીદાર દેશો વચ્ચે આર્થિક જોડાણ અને સહકારને મજબૂત કરવા માંગે છે.
- તેના સભ્યમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ, ફિજી, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, અમેરિકા અને વિયેતનામનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ 14 IPEF ભાગીદારો વૈશ્વિક GDPના 40% અને વૈશ્વિક માલસામાન અને સેવાઓના વેપારના 28%નું પ્રતિનિધિત્વ કરે છે.
- IPEF 4 મુખ્ય સ્તંભો પર આધારિત છે :
  (1) વાજબી અને લવચીક વેપાર
  (2) સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતા
  (3) સ્વચ્છ અર્થતંત્ર (નવીનીકરણીય ઊર્જા અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો)
  (4) નિષ્પક્ષ અર્થતંત્ર (કર અને ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓ)
- ભારત IPEFના સ્તંભ 2 થી 4માં જોડાયું છે, જ્યારે સ્તંભ 1માં નિરીક્ષકનો દરજ્જો છે.
- સ્તંભ 1નો ઉદ્દેશ આ પ્રદેશમાં આર્થિક વૃદ્ધિ, શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે.
- સ્તંભ 2 સપ્લાય ચેઈનને વધુ સ્થિતિસ્થાપક, મજબૂત અને સારી રીતે સંકલિત બનાવવાનો પ્રયાસ કરે છે.
- જ્યારે સ્તંભ-3નો ઉદ્દેશ્ય સ્વચ્છ ઊર્જા અને આબોહવા મૈત્રીપૂર્ણ તકનીકો પર સહકારને પ્રોત્સાહન આપવાનો છે.
- સ્તંભ-4 અસરકારક ભ્રષ્ટાચાર વિરોધી અને કર પગલાંના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## સુશ્રી અનામિકા રાજીવ ભારતીય નૌકાદળના પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બન્યા



સબ લેફ્ટનન્ટ અનામિકા બી. રાજીવ રાનીપેટ જિલ્લાના અરક્કોનમ ખાતે નૌકાદળના હવાઈ મથક INS રાજલીમાં યોજાયેલી પાસિંગ આઉટ પરેડ દરમિયાન ભારતીય નૌકાદળના પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલોટ બન્યા હતા.

- ઈસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ–ઈન–ચીફ વાઈસ એડમિરલ રાજેશ પેંઢારકર દ્વારા કુલ 21 અધિકારીઓને પ્રતિષ્ઠિત 'ગોલ્ડન વિંગ્સ' એનાયત કરવામાં આવી હતી.
- પાસિંગ આઉટ પરેડ ભારતીય નૌકાદળના તમામ હેલિકોપ્ટર પાઈલટ્સના અલ્મા મેટર, ઈન્ડિયન નેવલ એર સ્ક્વોડ્રન 561 ખાતે સખત ઉડ્ડયન અને ગ્રાઉન્ડ પ્રશિક્ષણને સમાવતા સઘન 22 અઠવાડિયાના તાલીમ કાર્યક્રમની સફળ પરાકાષ્ઠાને ચિન્હિત કરે છે.
- નોંધનીય છે કે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના પ્રથમ કમિશન્ડ નેવલ ઓફિસર લેફ્ટનન્ટ જામયાંગ ત્સેવાંગ પણ લાયકાત ધરાવતા હેલિકોપ્ટર પાઈલટ તરીકે સફળતાપૂર્વક સ્નાતક થયા હતા.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ફ્રેન્ચ ઓપન 2024માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી કાર્લોસ અલ્કારાઝ

(C) શ્રી કેસ્પર રૂડ (D) શ્રી રાફેલ નડાલ **(B)**

2. ફ્રેન્ચ ઓપન 2024માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી કાર્લોસ અલ્કારાઝના દેશનું નામ જણાવો ?

(A) અમેરિકા (B) સર્બિયા (C) સ્પેન (D) ઓસ્ટ્રેલિયા **(C)**

3. ફ્રેન્ચ ઓપન 2024માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા મહિલા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી ઈગા સ્વાઈટેક (B) સુશ્રી બરબોરા ક્રેજસિકવા

(C) સુશ્રી કેરોલિના મુચોવો (D) સુશ્રી કોકો ગોફ **(A)**

4. ફ્રેન્ચ ઓપન 2024માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા સુશ્રી ઈગા સ્વાઈટેક કયા દેશના ખેલાડી છે ?

(A) સ્પેન (B) નોર્વે (C) અમેરિકા (D) પોલેન્ડ **(D)**

5. ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટ કઈ કોર્ટ પર રમાય છે ?

(A) હાર્ડકોર્ટ (B) ગ્રાસકોર્ટ (C) ક્લેકોર્ટ (D) A અને B બંને **(C)**

6. તાજેતરમાં ભારતે સિંગાપોરમાં આયોજિત 'IPEF' બેઠકમાં ભાગ લીધો હતો. આ IPEF વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી' છે.
2. તે વર્ષ 2022માં જાપાનના ટોક્યોમાં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 14 દેશો સામેલ હતા.
3. IPEF 4 મુખ્ય સ્તંભો પર આધારિત છે, જેમાં ભારતને IPEFના સ્તંભ-1 (વાજબી અને લવચીક વેપાર)માં નિરિક્ષકનો દરજ્જો છે, જ્યારે સ્તંભ 2 થી 4માં ભારત જોડાયેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) 1, 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 3 **(B)**

7. તાજેતરમાં ભારતીય નૌકાદળના પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ કોણ બન્યું છે ?

(A) સુશ્રી અનામિકા રાજીવ (B) સુશ્રી અવંતિકા વૈશ્નવ

(C) સુશ્રી નિહારીકા અય્યર (D) સુશ્રી પરમ્બીત કૌર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ

ભારતમાં તાજેતરમાં 18મી લોકસભા માટે યોજાયેલી ચૂંટણીમાં NDAને મળેલા પ્રચંડ વિજય બાદ 9 જૂન, 2024ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ લીધા છે.

- આ માટેનો શપથવિધિ સમારોહ નવી દિલ્હી ખાતે આવેલા રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં યોજાયો હતો.

### શપથવિધિ સમારોહ





આ શપથવિધિ સમારોહમાં 8000 જેટલા મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

- અગાઉ વર્ષ 2019ના શપથવિધિ સમારોહમાં પણ 8000 જેટલા મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- વર્ષ 2024ના આ શપથવિધિ સમારોહમાં ભારતના પાડોશી દેશો અને હિંદ મહાસાગર ક્ષેત્રના નેતાઓને વિશિષ્ટ અતિથિઓ તરીકે ઉષ્માભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસિના, શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રી રાનિલ વિક્રમસિંઘે, માલદીવના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ મુઈઝ્ઝુ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ શ્રી અહમદ આફીફ, મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિન્દ કુમાર જુગનાથ, નેપાળના વડાપ્રધાન શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ', અને ભૂટાનના વડાપ્રધાન શ્રી શેરિંગ તોબગે શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત ત્રીજા કાર્યકાળ માટે શપથગ્રહણ સમારંભમાં ભાગ લેવા માટે નેતાઓની મુલાકાત ભારત દ્વારા તેની '<u>પાડોશી પ્રથમ</u>'ની નીતિ અને <u>'સાગર' વિઝનને</u> સર્વોચ્ચ પ્રાથમિકતાને અનુરૂપ છે.
- આ સમારોહમાં વંદે ભારતના 10 લોકો પાયલટ અને કિન્નર સમાજના પ્રતિનિધિઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે અગાઉ વર્ષ 2014ના શપથવિધિ સમારોહમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાર્ક (South Asian Association for Regional Cooperation - SAARC) દેશોના વડાઓને આમંત્રણ આપ્યું હતું.
- જ્યારે વર્ષ 2019ના શપથવિધિ સમારોહમાં બિમસ્ટેકના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## વડાપ્રધાનશ્રી સાથે મંત્રીશ્રીઓના શપથ

9 જૂન, 2024ના રોજ ભારતના <u>રાષ્ટ્રપતિ</u> <u>શ્રીમતી દ્રૌપદી મુર્મુ</u>એ ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત 71 મંત્રીઓને હોદ્દો અને ગુપ્તતાના</u> શપથ અપાવ્યા હતા.



- આ 71 મંત્રીઓમાં <u>કેબિનેટ કક્ષાના 30</u>, <u>રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા 5</u> અને <u>રાજ્યકક્ષાના 36 મંત્રીશ્રીઓનો</u> સમાવેશ થાય છે.
- આ મંત્રી પરિષદમાં સૌથી વધુ મંત્રીઓ <u>ઉત્તરપ્રદેશ રાજ્યનાં</u> સાંસદો બન્યા છે ત્યારબાદ બીજા નંબરે <u>બિહાર રાજ્યમાંથી</u> સૌથી વધુ મંત્રી બન્યા છે.
- ગુજરાતમાંથી શ્રી અમિતભાઈ શાહ, શ્રી સી.આર. પાટીલ, શ્રી મનસુખ માંડવીયા, શ્રીમતી નિમુબેન બાંભણિયા એમ ચાર લોકસભાના ચૂંટાયેલા સંસદ તથા શ્રી જે.પી. નડ્ડા અને શ્રી એસ. જયશંકર એમ બે રાજ્યસભાના સાંસદ થઈને કુલ 6 મંત્રીઓ બન્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અમિતભાઈ શાહ સતત બીજી વખત ગૃહમંત્રી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં શ્રી અમિતભાઈ શાહને કેબિનેટ કક્ષાના ગૃહમંત્રી બનાવવામાં આવ્યા છે.

- તેઓ સતત બીજી વખત ભારતના ગૃહમંત્રી બન્યા છે.
- ભારતના વડાપ્રધાન અને ગૃહમંત્રી બંને ગુજરાતી હોય એવો આ બીજો બનાવ છે. વર્ષ 2019માં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ હતા.
- શ્રી અમિતભાઈ શાહ ગુજરાતની ગાંધીનગર લોકસભાની બેઠક પરથી વિજય થયા છે.

## નાણામંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં શ્રીમતી નિર્મલા સીતારામનને ભારતના કેબિનેટ કક્ષાના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી બનાવવામાં આવ્યા છે.



- તેઓ સતત બીજી વખત ભારતના નાણામંત્રી બન્યા છે.
- આ અગાઉ વર્ષ 2019માં તેઓ પ્રથમ વખત નાણામંત્રી બન્યા હતા.
- શ્રીમતી નિર્મલા સીતારામન ભારતના પ્રથમ મહિલા નાણામંત્રી છે.
- તેઓ નાણામંત્રી બન્યા એ અગાઉ તેઓ શ્રીમતી ઈન્દિરા ગાંધી બાદ ભારતના બીજા મહિલા સંરક્ષણ મંત્રી બન્યા હતા.
- શ્રીમતી નિર્મલા સીતારામન કર્ણાટકમાંથી રાજ્યસભાના સાંસદ છે.
- તેમનો જન્મ તમિલનાડુના મદુરાઈમાં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE E

## વિદેશ મંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં શ્રી એસ. જયશંકરને ભારતના કેબિનેટ કક્ષાના વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા છે.



- તેઓ સતત બીજી વખત ભારતના વિદેશ મંત્રી બન્યા છે.
- શ્રી એસ.જયશંકર વિદેશ મંત્રી બનનાર ભારતના પ્રથમ વિદેશ સચિવ હોવાનું કહેવાય છે.
- ભારતમાં સૌથી વધુ લાંબો સમય વિદેશ સચિવ તરીકે સેવા આપવાનો રેકોર્ડ પણ તેમના નામે છે.
- શ્રી એસ. જયશંકર અમેરિકા, ચીન અને ચેક રિપબ્લિકમાં ભારતના રાજદૂત પણ રહી ચૂક્યા છે.

- ભારત અમેરિકા ન્યુક્લીયર ડીલમાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી એસ. જયશંકર 1977ની બેચના IFS ઓફિસર છે.
- નવી દિલ્હી ખાતે જન્મેલા શ્રી એસ. જયશંકરનું પૂરું નામ શ્રી સુબ્રમણ્યમ જયશંકર છે.
- શ્રી એસ. જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે.

## મંત્રી પરિષદમાં 7 મહિલાઓનો સમાવેશ



તાજેતરમાં રચાયેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીપરિષદમાં કુલ 7 મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- જેમાંથી શ્રીમતી નિર્મલા સીતારામન અને શ્રીમતી અન્નપુર્ણા દેવીનો કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે સમાવેશ થયો છે.
- જ્યારે શ્રીમતી અનુપ્રિયા પટેલ, શ્રીમતી રક્ષા નિખિલ ખડસે, શ્રીમતી સાવિત્રી ઠાકુર, શ્રીમતી નિમુબેન બાંભણિયા અને સુશ્રી શોભા કરંદલાજેનો સમાવેશ રાજ્ય કક્ષાના મંત્રી તરીકે થયો છે.

## સૌથી નાની વયના અને સૌથી મોટી વયના મંત્રી

36 વર્ષીય શ્રી રામ મોહન નાયડુ સૌથી નાની વયના મંત્રી બન્યા છે.

- જ્યારે 79 વર્ષીય શ્રી જીતનરામ માંઝી સૌથી વધુ વયના મંત્રી બન્યા છે.

**શ્રી રામ મોહન નાયડુ**



**શ્રી જીતનરામ માંઝી**



## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારની નવી મંત્રી પરિષદ

### વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : વડાપ્રધાન અને પ્રભારી પણ, કર્મચારી–જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અવકાશ વિભાગ, પરમાણુ ઊર્જા વિભાગ તથા તમામ નીતિ વિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવાયેલા તમામ ખાતા

## કેબિનેટ મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી રાજનાથ સિંહ | સંરક્ષણ મંત્રાલય |
| 2 | શ્રી અમિતભાઈ શાહ | ગૃહ મંત્રી, સહકાર મંત્રી |
| 3 | શ્રી નીતિન ગડકરી | માર્ગ પરિવહન અને રાજમાર્ગ (હાઈવે) મંત્રી |
| 4 | શ્રી જગત પ્રકાશ (જે.પી.) નડ્ડા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, તથા રસાયણ અને ખાતર મંત્રી |
| 5 | શ્રી શિવરાજસિંહ ચૌહાણ | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી, અને ગ્રામીણ વિકાસ મંત્રી |
| 6 | શ્રીમતી નિર્મલા સીતારામન | નાણા મંત્રી, અને કોર્પોરેટ બાબતોના મંત્રી |
| 7 | ડો. સુબ્રમણ્યમ જયશંકર | વિદેશ મંત્રાલય |
| 8 | શ્રી મનોહર લાલ ખટ્ટર | આવાસ અને શહેરી બાબતોના મંત્રી, તથા ઊર્જા મંત્રી |
| 9 | શ્રી એચ.ડી. કુમારસ્વામી | ભારે ઉદ્યોગ મંત્રી, અને સ્ટીલ મંત્રી |
| 10 | શ્રી પિયુષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી |
| 11 | શ્રી ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રી |
| 12 | શ્રી જીતનરામ માંઝી | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી |
| 13 | શ્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલનસિંહ | પંચાયતી રાજ મંત્રી, અને મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી |
| 14 | શ્રી સર્બાનંદ સોનોવાલ | બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી |
| 15 | શ્રી વિરેન્દ્ર કુમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી |
| 16 | શ્રી કિંજુરાપુ રામમોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન મંત્રી |
| 17 | શ્રી પ્રહલાદ જોષી | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી અને નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી |
| 18 | શ્રી જુઆલ ઓરમ | આદિજાતિ બાબતોના મંત્રી |
| 19 | શ્રી ગિરિરાજ સિંહ | કાપડ મંત્રી |
| 20 | શ્રી અશ્વિની વૈષ્ણવ | રેલવે મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી, અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી |
| 21 | શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા | સંચાર મંત્રી, અને પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રી |
| 22 | શ્રી ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 23 | શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત | સંસ્કૃતિ મંત્રી અને પ્રવાસન મંત્રી |
| 24 | શ્રીમતી અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળ વિકાસ મંત્રી |
| 25 | શ્રી કિરેન રિજ્જુ | સંસદીય બાબતોના મંત્રી, અને લઘુમતી બાબતોના મંત્રી |
| 26 | શ્રી હરદીપ સિંહ પુરી | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી |
| 27 | ડો. મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર મંત્રી, તથા યુવા બાબતો અને રમત–ગમત મંત્રી |
| 28 | શ્રી જી. કિશન રેડ્ડી | કોલસા મંત્રી અને ખાણ મંત્રી |
| 29 | શ્રી ચિરાગ પાસવાન | ફૂડ પ્રોસેસિંગ મંત્રી |
| 30 | શ્રી સી.આર. પાટીલ | જળ શક્તિ મંત્રી |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | |
|---|---|---|
| 1 | શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ | સ્ટેટિક્સ અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), આયોજન મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), અને સંસ્કૃતિ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 2 | શ્રી જિતેન્દ્ર સિંહ | વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), વડાપ્રધાન કાર્યાલયમાં રાજ્ય મંત્રી, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયમાં રાજ્ય મંત્રી, પરમાણુ ઊર્જા વિભાગમાં રાજ્યમંત્રી, અવકાશ વિભાગમાં રાજ્ય મંત્રી |
| 3 | શ્રી અર્જુન રામ મેઘવાલ | કાયદા અને ન્યાય મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 4 | શ્રી જાધવ પ્રતાપરાવ ગણપતરાવ | આયુષ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 5 | શ્રી જયંત ચૌધરી | કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), શિક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રાજ્ય મંત્રીઓ

| | | |
|---|---|---|
| 1 | શ્રી જિતિન પ્રસાદ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 2 | શ્રી શ્રીપદ યેસો નાઈક | ઊર્જા મંત્રાલયમાં રાજ્ય મંત્રી અને નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 3 | શ્રી પંકજ ચૌધરી | નાણા મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 4 | શ્રી કૃષ્ણ પાલ | સહકાર મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 5 | શ્રી રામદાસ આઠવલે | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 6 | શ્રી રામનાથ ઠાકુર | કૃષિ અને ખેડૂત મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 7 | શ્રી નિત્યાનંદ રાય | ગૃહ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 8 | શ્રીમતી અનુપ્રિયા પટેલ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, તથા રસાયણ અને ખાતર મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 9 | શ્રી વી. સોમન્ના | જળ શક્તિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી અને રેલવે મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 10 | ડો. ચંદ્રશેખર પેમ્માસાની | ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને સંચાર મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 11 | પ્રો. એસ.પી. સિંહ બઘેલ | મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને પંચાયતી રાજ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 12 | સુશ્રી શોભા કરંદલાજે | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને શ્રમ અને રોજગાર મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 13 | શ્રી કીર્તિવર્ધન સિંહ | પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને વિદેશ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 14 | શ્રી બી. એલ. વર્મા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, તથા સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 15 | શ્રી શાંતનુ ઠાકુર | બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 16 | શ્રી સુરેશ ગોપી | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને પ્રવાસન મંત્રાલયમાં રાજ્ય મંત્રી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 17 | ડો. એલ. મુરુગન | માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 18 | શ્રી અજય તમટા | રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 19 | શ્રી બંડી સંજય કુમાર | ગૃહ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 20 | શ્રી કમલેશ પાસવાન | ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 21 | શ્રી ભગીરથ ચૌધરી | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 22 | શ્રી સતીશચંદ્ર દુબે | કોલસા મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને ખાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 23 | શ્રી સંજય શેઠ | સંરક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 24 | શ્રી રવનીત સિંહ | ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને રેલવે મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 25 | શ્રી દુર્ગાદાસ ઉઈકે | આદિજાતિ બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 26 | શ્રીમતી રક્ષા નિખિલ ખડસે | યુવા બાબતો અને રમત–ગમત મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 27 | શ્રી સુકાંત મજમુદાર | શિક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 28 | શ્રીમતી સાવિત્રી ઠાકુર | મહિલા અને બાળ વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 29 | શ્રી ટોખાન સાહુ | આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 30 | શ્રી રાજ ભૂષણ ચૌધરી | જળ શક્તિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 31 | શ્રી ભૂપતિ રાજુ શ્રીનિવાસ વર્મા | ભારે ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને સ્ટીલ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 32 | શ્રી હર્ષ મલ્હોત્રા | કોર્પોરેટ બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી, તથા રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 33 | શ્રીમતી નિમુબેન બાંભણિયા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 34 | શ્રી મુરલીધર મોહોલ | સહકાર મંત્રાલયમાં રાજ્ય મંત્રી, તથા નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 35 | શ્રી જ્યોર્જ કુરિયન | લઘુમતી બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને મત્સ્યોદ્યોગ, પશુપાલન ડેરી મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 36 | શ્રી પવિત્રા માર્ગેરીતા | વિદેશ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, અને કાપડ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય મંત્રી મંડળમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ

| ક્રમ | નામ | મંત્રી/મંત્રાલય |
|---|---|---|
| 1 | શ્રી અમિતભાઈ શાહ | ગૃહ મંત્રી અને સહકાર મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 2 | શ્રી જગત પ્રકાશ નડ્ડા (રાજ્ય સભાના સંસદ છે) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, અને ગ્રામીણ વિકાસ મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 3 | ડો. સુબ્રમણ્યમ જયશંકર (રાજ્યસભાના સંસદ છે) | વિદેશ મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 4 | શ્રી સી.આર.પાટીલ | જળ શક્તિ મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 5 | ડો. મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર મંત્રી, તથા યુવા બાબતો અને રમત–ગમત મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 6 | શ્રીમતી નિમુબેન બાંભણિયા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી (રાજ્ય મંત્રી) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકસભા ચૂંટણી 2024

16 માર્ચ, 2024ના રોજ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારએ ભારતની 18મી લોકસભા માટે ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી.

- ચૂંટણી પંચે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 18મી લોકસભા માટે સાત તબક્કામાં કુલ 543 બેઠકો માટે મતદાન થયું હતું.
- ભારતમાં સાત તબક્કામાં યોજાયેલ ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલ, 2024ના રોજ અને અંતિમ સાતમા તબક્કાનું મતદાન 1 જૂન, 2024ના રોજ યોજાયું હતું.
- 7 મે, 2024ના રોજ ત્રીજા તબક્કાના મતદાનમાં ગુજરાતની તમામ 26 લોકસભાની બેઠકો માટે એક જ સાથે મતદાન થયું હતું.
- વર્ષ 2024ની લોકસભાની ચૂંટણીમાં કુલ 10.48 લાખ મતદાન મથકો હતા.
- ચૂંટણી માટે લગભગ 55 લાખ જેટલા EVM તૈનાત કરવામાં આવ્યા હતા.

## વર્ષ 2024ની લોકસભા ચૂંટણીમાં મતદાન



ચૂંટણી પંચના પ્રારંભિક અંદાજ અનુસાર ભારતમાં તાજેતરમાં યોજાયેલી વર્ષ 2024ની લોકસભા ચૂંટણીમાં સાતેય તબક્કાનું સરેરાશ મતદાન 65.79 ટકા હતું.

- જ્યારે આ અગાઉ વર્ષ 2019માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સાતેય તબક્કાનું સરેરાશ મતદાન 67.11 ટકા હતું. જે ભારતમાં અત્યાર સુધી યોજાયેલી તમામ લોકસભા ચૂંટણીઓમાં સૌથી વધુ છે.

## વર્ષ 2024નું ચૂંટણી પરિણામ

વર્ષ 2024માં ભારતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા ગઠબંધન NDA અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધન INDIA વચ્ચે હતી.

- જેમાં NDAનો 293 અને INDIAનો 234 બેઠકો પર વિજય થયો છે.
- જ્યારે અન્યને 16 બેઠક મળી છે.
- વર્ષ 2024માં ભારતીય જનતા પાર્ટીનો 240 બેઠકો પર વિજય થયો છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2019માં 303 બેઠકો પર અને વર્ષ 2014માં 282 બેઠકો પર વિજય થયો હતો.
- NDAનું પૂરું નામ National Democratic Alliance છે.
- જ્યારે INDIA ગઠબંધનનું પૂરું નામ 'Indian National Developmental Inclusive Alliance' છે.
- આ અગાઉ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ હેઠળનું ગઠબંધન UPA એટલે કે 'United Progressive Alliance' તરીકે ઓળખાતું હતું.
- લોકસભાની ચૂંટણીમાં કુલ 543 બેઠકો માટે મતદાન થાય છે.
- આથી, આ ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે 272 સીટની જરૂર હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વર્ષ 2024ની લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મેળવનારા પ્રથમ 10 પક્ષો

| ક્રમ | પક્ષનું નામ | મેળવેલ બેઠક |
|---|---|---|
| 1 | ભારતીય જનતા પાર્ટી (BJP) | 240 |
| 2 | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) | 99 |
| 3 | સમાજવાદી પાર્ટી (SP) | 37 |
| 4 | ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (AITC) (પશ્ચિમ બંગાળ) | 29 |
| 5 | દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) (તમિલનાડુ) | 22 |
| 6 | તેલુગુ દેશમ (TDP) | 16 |
| 7 | જનતાદળ (યુનાઈટેડ) - JD(U) | 12 |
| 8 | શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) | 9 |
| 9 | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી–શરદચંદ્ર પવાર (NCPSP) | 8 |
| 10 | શિવસેના (SHS) | 7 |

**નોંધ :** (1) ગુજરાતમાં કુલ 26 લોકસભાની બેઠકોમાંથી 25 બેઠક પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો હતો જ્યારે 1 બેઠક બનાસકાંઠામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો વિજય થયો હતો.

(2) સુશ્રી ગેનીબેન ઠાકોર બનાસકાંઠા બેઠક પરથી વિજય થયા હતા.

(3) ગુજરાતની સુરત લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિનહરિફ ચૂંટાયા હતા.

(4) ઉપર આપેલ ગઠબંધન સરકારના આંકડામાં ફેરફાર થવાની શક્યતા રહે છે. કારણ કે ગઠબંધનમાં અન્ય પક્ષો ભેગા થઈને સરકાર બનતી હોય છે, જેમાં પક્ષો વધી પણ શકે છે અને ઘટી પણ શકે છે.

## લોકસભા ચૂંટણી 2024ની અન્ય અગત્યની માહિતી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વારાણસી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા.

- જ્યારે અમિતભાઈ શાહ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા.
- ચૂંટણીમાં એક્ઝિટ પોલના અનુમાનો કરતા નબળા પરિણામ આવતા ભારતીય શેરબજારમાં ઘણા પોઈન્ટનો ઘટાડો થયો હતો.
- 1962 પછી પ્રથમવાર કોઈ સરકારને ત્રીજી ટર્મ મળી છે.
- ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને પ્રસિદ્ધ બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત હિમાચલ પ્રદેશના મંડી બેઠક પરથી વિજેતા બન્યા છે.

- તૃણમુલ કોંગ્રેસના ઉમેદવાર અને પ્રસિદ્ધ પૂર્વ ભારતીય ક્રિકેટર શ્રી યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળના બહરમપુર બેઠકમાંથી વિજય થયા હતા.
- શ્રી અમિતભાઈ શાહએ ગાંધીનગરથી 7.44 લાખ અને શ્રી સી.આર.પાટિલે નવસારીથી 7.73 લાખની જંગી લીડથી જીત મેળવી હતી.
- મધ્યપ્રદેશ (29), હિમાચલ (4), દિલ્હી (7), ત્રિપુરા (2) અને ઉત્તરાખંડ (5)ની તમામ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો હતો.
- વર્ષ 2024ની લોકસભાની ચૂંટણીમાં કુલ 74 મહિલા સાંસદો ચૂંટાયા છે.
- ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. આ લોકતાંત્રિક પર્વમાં સૌથી વધુ મતદાન થયું છે.

## વસ્તીની દષ્ટિએ વિશ્વના સૌથી મોટા 4 લોકશાહી દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ભારત |
| 2 | અમેરિકા |
| 3 | ઈન્ડોનેશિયા |
| 4 | બ્રાઝિલ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે જણાવ્યું હતું કે આ વખતે 64.2 કરોડ મતદારોએ મતદાન કર્યુ હતું, જે એક નવો રેકોર્ડ છે. જે તમામ G7 દેશના મતદારો કરતા દોઢ ગણુ અને યુરોપિયન સંઘના 27 દેશના મતદારો કરતા અઢી ગણુ છે.
- ઈન્દોર બેઠકમાં ભાજપના ઉમેદવાર શ્રી શંકર લાલવાણી સૌથી મોટી લીડથી જીત્યા છે, તેઓ ઈન્દોર બેઠક પરથી 11,75,092 મતોના વિશાળ માર્જિનથી જીત્યા છે. તેમને કુલ 12,26,751 મત મળ્યા હતા.
- કેન્દ્રીય મંત્રીમંડળમાં રહેલા શ્રી રાજનાથ સિંહ, શ્રી શિવરાજસિંહ ચૌહાણ, શ્રી મનોહરલાલ ખટ્ટર, શ્રી એચ.ડી. કુમારસ્વામી, શ્રી સર્બાનંદ સોનોવાલ અને શ્રી જીતનરામ માંઝી અગાઉ અલગ–અલગ રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.
- ઈન્દોર બેઠકમાં 'None of the Above (NOTA)' ને 2,18,674 મત મળ્યા હતા. કોઈપણ લોકસભા મત વિસ્તાર માટે અત્યાર સુધીના આ સૌથી વધુ NOTA મત છે.
- 2014માં સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર NOTA વિકલ્પ રજૂ કરવામાં આવ્યો હતો.

- પ્રિયંકા જરકી હોલી બિનઅનામત બેઠક પરથી જીતનાર સૌથી યુવા આદિવાસી મહિલા(27 વર્ષ) છે.
- ઉત્તરપ્રદેશની કૌશામ્બી લોકસભા સીટ પરથી ચૂંટણી જીતનાર સમાજવાદી પાર્ટીના ઉમેદવાર પુષ્પેન્દ્ર સરોજ સૌથી યુવા ઉમેદવાર છે (25 વર્ષ 3 મહિના).
- શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના 14મા વડાપ્રધાન છે.

## કેન્દ્રીય મંત્રી પરિષદ અને વડાપ્રધાન વિશેની બંધારણીય જોગવાઈ

### વડાપ્રધાનશ્રીની નિમણૂકની પ્રક્રિયા

ભારતના બંધારણમાં વડાપ્રધાનના હોદ્દાની નિયુક્તિ અને પસંદગી અંગે કોઈ વિશિષ્ટ પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી નથી.

- જોકે, ભારતમાં સામાન્ય રીતે ચૂંટણી પરિણામો બાદ વિજેતા પક્ષ કે ગઠબંધનના વિજેતા ઉમેદવારોની એક બેઠક મળે છે.
- આ બેઠકમાં ચૂંટાયેલા સભ્યો વડાપ્રધાન પદ માટે... સર્વાનુમતે પોતાના નેતાની પસંદગી કરે છે.
- ત્યારબાદ રાષ્ટ્રપતિ બહુમતી ધરાવતા પક્ષને સરકાર રચવા માટે આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના પૂર્વ નિશ્ચિત કરાયેલા નેતાની વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 75 (1) અંતર્ગત વડાપ્રધાનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. અને અન્ય મંત્રીશ્રીઓની નિમણૂક રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી કરે છે.

**નોંધ :** વડાપ્રધાન બનવા માટે લોકસભાના કુલ સભ્યોમાંથી 50 ટકાથી વધુ એટલે કે 272 સભ્યોનું સમર્થન જરૂરી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરી શકાય ?

ભારતીય બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર –

(1) તે લોકસભાના સભ્ય હોવા જોઈએ. અથવા

(2) તે રાજ્યસભાના સભ્ય હોવા જોઈએ. અથવા

(3) લોકસભા કે રાજ્યસભાના સભ્ય ન હોય તેવી વ્યક્તિની પણ વડાપ્રધાન તરીકે નિમણૂક કરી શકાય છે. પરંતુ તેમણે પોતાની નિમણૂકના 6 મહિનાની અંદર લોકસભા કે રાજ્યસભામાંથી ચૂંટાવું પડે છે.

### વડાપ્રધાનશ્રીની શપથવિધિ

વડાપ્રધાનનો હોદ્દો ધારણ કરતા પહેલા ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેમને હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવવામાં આવે છે.

- હોદ્દાની શપથ લેતી વખતે વડાપ્રધાન કહે છે કે :

(1) મૈં ભારત કે સંવિધાન પ્રતિ સચ્ચિ શ્રદ્ધા ઔર નિષ્ઠા રખૂંગા.

(2) મૈં ભારત કી પ્રભુતા ઔર અખંડતા અક્ષુણ્ણ રખૂંગા.

(3) મૈં શ્રદ્ધાપૂર્વક એવં શુદ્ધ અંતરણ સે અપને પદ કે દાયિત્વોં કા નિર્વહન કરુંગા.

(4) મૈં ભય યા પક્ષપાત, અનુરાગ યા દ્વેષ કે બિના સભી પ્રકાર કે લોગોં કે પ્રતિ સંવિધાન ઔર વિધિ કે અનુસાર ન્યાય કરુંગા.

- વડાપ્રધાન ગુપ્તતાના શપથ માટે કહે છે કે, "મૈં ઈશ્વર કી શપથ લેતા હું કી જો વિષય મેરે વિચાર કે લિયે લાયા જાયેગા.... પ્રકટ નહીં કરુંગા."

## વડાપ્રધાન-મંત્રીપરિષદના સભ્યો તથા લોકસભાના સભ્યોને શપથ કોણ અપાવે છે ?

ભારતમાં વડાપ્રધાન અને મંત્રીપરિષદના સભ્યોને હોદ્દો અને ગુપ્તતાના શપથ રાષ્ટ્રપતિ અપાવે છે.

- જ્યારે લોકસભાના સભ્યોને શપથ પ્રોટેમ સ્પીકર અપાવે છે.
- નવી લોકસભા જ્યારે પ્રથમ વખત મળે છે તે સમયે સૌથી લાંબા અનુભવવાળા સભ્યને રાષ્ટ્રપતિ પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કરે છે.

## વડાપ્રધાનશ્રીનો કાર્યકાળ

ભારતમાં વડાપ્રધાનનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી.

- જો તેમને લોકસભામાં બહુમતી પ્રાપ્ત હોય તો લોકસભાનો ભંગ ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદે રહી શકે છે.
- જોકે, લોકસભામાં વિશ્વાસનો મત (એટલે કે બહુમતી) ગુમાવી દેતા પણ તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું પડે છે.
- અને જો તેઓ રાજીનામું ન આપે તો રાષ્ટ્રપતિ તેમને પદભ્રષ્ટ કરી શકે છે.

## મંત્રીપરિષદ

ભારતીય બંધારણના અનુચ્છેદ 74 અંતર્ગત ભારતમાં રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે અને સહાય કરવા માટે વડાપ્રધાન જેના વડા હોય તેવી એક મંત્રીપરિષદ હોય છે.

- અનુચ્છેદ 75 અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ મુજબ આ મંત્રીઓની નિમણૂક રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી કરે છે.

## મંત્રીપરિષદ અને મંત્રીમંડળ વચ્ચેનો તફાવત

મંત્રીપરિષદ અને મંત્રીમંડળ શબ્દો સમાન નથી, પરંતુ એ બંને વચ્ચે ભેદ છે.

- મંત્રીપરિષદ એટલે બધા જ મંત્રીઓનો સમૂહ.
- આથી, મંત્રીપરિષદમાં કેબિનેટ મંત્રી, રાજ્ય મંત્રી અને ઉપમંત્રી એમ તમામ મંત્રીઓનો સમાવેશ થાય છે.
- મંત્રીપરિષદ એટલે.....




- જ્યારે મંત્રીમંડળ એટલે કેબિનેટ મંત્રીઓનો સમૂહ.
- આથી, મંત્રીમંડળમાં માત્ર કેબિનેટ મંત્રીઓનો જ સમાવેશ થાય છે.
- મંત્રીમંડળ એ મંત્રીપરિષદનો જ એક ભાગ છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 74 તથા 75માં મંત્રીપરિષદ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- જ્યારે મંત્રીમંડળ અથવા તો કેબિનેટ શબ્દનો ઉલ્લેખ મૂળ બંધારણમાં ન હતો. પરંતુ તેને અનુચ્છેદ 352 અંતર્ગત 44મા બંધારણીય સુધારા દ્વારા દાખલ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મંત્રીઓના પ્રકાર

ભારતીય બંધારણમાં મંત્રીઓના વિવિધ સ્તરોનો કોઈ ઉલ્લેખ નથી.

- પરંતુ ભારતમાં સામાન્ય રીતે મંત્રીપરિષદમાં ત્રણ પ્રકારના મંત્રીઓનો સમાવેશ થાય છે.




## કેબિનેટ મંત્રી (Cabinet Ministers)

કેબિનેટ મંત્રી એ મંત્રીપરિષદના મહત્ત્વપૂર્ણ મંત્રી છે.

- કેબિનેટ મંત્રી એ મંત્રીપરિષદના પ્રથમ હરોળના મંત્રી છે.
- મંત્રીપરિષદની તમામ બેઠકોમાં કેબિનેટ મંત્રી ભાગ લઈ શકે છે.

- કેબિનેટ મંત્રી એ તેમને આપવામાં આવેલ વિભાગના પ્રમુખ હોય છે. જેના નિર્ણયો તે સ્વતંત્ર રીતે લઈ શકે છે.
- ટૂંકમાં ભારત સરકારના મહત્ત્વના વિભાગો જેવા કે રક્ષા, ગૃહ, રેલવે, નાણાં અને અન્ય વિભાગોના મંત્રીશ્રીઓ કેબિનેટ મંત્રીઓ કહેવાય છે.
- મૂળ બંધારણમાં 'કેબિનેટ' શબ્દનો કોઈ ઉલ્લેખ ન હતો. 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા અનુચ્છેદ 352ના સંદર્ભમાં આ શબ્દ ઉમેરવામાં આવ્યો હતો. (અનુચ્છેદ 352માં કટોકટીની જોગવાઈઓના સંદર્ભમાં કહેવાયું છે કે, 'પ્રધાનમંત્રી અને કેબિનેટની લેખિત ભલામણથી જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે.

## રાજ્ય મંત્રી (State Ministers)

રાજ્યમંત્રીઓનું મહત્ત્વ કેબિનેટ મંત્રીથી થોડું ઓછું હોય છે.

- રાજ્ય કક્ષાના મંત્રીએ મંત્રીપરિષદના બીજી હરોળના મંત્રી છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ તમામ બેઠકોમાં ભાગ લઈ શકતા નથી. માત્ર તેમને આમંત્રિત કરેલ બેઠકમાં જ ભાગ લઈ શકે છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ બે પ્રકારના હોય છે :

  (1) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ, (2) સ્વતંત્ર હવાલો ધરાવતા ન હોય તેવા રાજ્ય મંત્રીઓ.

### (1) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ :

- સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રી અંતર્ગત કાર્ય કરતા નથી, પરંતુ તેઓ જે તે વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા હોય છે.
- આ મંત્રીઓને કેબિનેટ બેઠકમાં ત્યારે જ આમંત્રણ આપવામાં આવે છે, જ્યારે તેમના વિષયની બેઠકમાં ચર્ચા કરવાની હોય.

### (2) સ્વતંત્ર હવાલો ધરાવતા ન હોય તેવા રાજ્ય મંત્રીઓ :

- સ્વતંત્ર હવાલો ન ધરાવતા રાજ્ય મંત્રીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓ અંતર્ગત કાર્ય કરે છે. તેઓને વિભાગનો સ્વતંત્ર ચાર્જ આપવામાં આવતો નથી.
- કેબિનેટ મંત્રીઓની બેઠકમાં તેઓને ભાગ લેવાનો અધિકાર નથી.

## ઉપમંત્રી (Deputy Ministers)

આ મંત્રીઓ સ્વતંત્ર હવાલો ધરાવતા નથી, પરંતુ કેબિનેટ મંત્રી કે સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીના મદદરૂપ તરીકે કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- સામાન્ય રીતે રાજનીતિમાં પ્રવેશ પામેલા નવા સભ્યોની મંત્રી તરીકેની તાલીમ આપવા માટે ઉપમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવે છે.

નોંધ : (1) મંત્રીપરિષદ એ અનુચ્છેદ 75 અનુસાર સામૂહિક રીતે લોકસભા ગૃહને જવાબદાર છે.
(2) મંત્રીપરિષદના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાષ્ટ્રપતિને જવાબદાર છે.
(3) ભારતમાં મંત્રીપરિષદની કોઈ કાયદાકીય જવાબદારી હોતી નથી. જ્યારે બ્રિટનમાં મંત્રીઓની કાયદાકીય જવાબદારી પણ છે.
(4) રાષ્ટ્રપતિ મંત્રીપરિષદની સલાહ માનવા બંધાયેલા છે. આવો સુધારો 42મો બંધારણીય સુધારો, 1976 દ્વારા કરવામાં આવેલો. 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી કે તેઓ મંત્રી પરિષદ દ્વારા આપવામાં આવેલી સલાહને પુનઃ વિચારણા માટે મોકલી શકે છે. પરંતુ પુનઃ વિચારણા બાદ આપવામાં આવેલી સલાહ માનવા તેઓ બંધાયેલ છે.
(5) કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહની કોઈપણ અદાલતમાં તપાસ કરી શકાશે નહીં.

## મંત્રી બનવાની લાયકાત

બંધારણના અનુચ્છેદ–75(5)માં મંત્રીની લાયકાત અંગેની જોગવાઈ છે. જે મુજબ :

(a) સંસદના બેમાંથી કોઈ પણ એક ગૃહના સભ્ય હોવા જોઈએ. જેનો અર્થ એવો પણ થાય કે લોકસભા કે રાજ્યસભાના સભ્ય બનવા જે લાયકાત જોઈએ તે મંત્રી બનવા પર્યાપ્ત છે.

(b) જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ ગૃહનો સભ્ય ન હોય અને કોઈ વિભાગના મંત્રી બનાવવામાં આવે તો તે વધુમાં વધુ 6 મહિના મંત્રીપદ પર રહી શકે છે. અને જો 6 મહિનામાં કોઈ ગૃહનો સભ્ય બને તો તે પોતાના પદ પર ચાલુ રહે છે. અન્યથા તેમને મંત્રી પદ પરથી દૂર કરવામાં આવે છે.

નોંધ : 6 મહિનામાં કોઈપણ ગૃહના સભ્ય બનવું ફરજિયાત છે.

## મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા

બંધારણ સભાએ મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા કેટલી રાખવી તે અંગે કોઈ ચોક્કસ જોગવાઈ કરી ન હતી.

- જોકે, 91મો બંધારણીય સુધારો–2003થી બંધારણમાં અનુચ્છેદ–75(1)(ક) ઉમેરવામાં આવ્યો અને મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા નિશ્ચિત કરવામાં આવી. જેથી વહીવટમાં સરળતા રહે અને મતભેદ ઊભો ન થાય.

- આ સુધારા અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીપરિષદમાં પ્રધાનમંત્રી સહિત તમામ મંત્રીઓની કુલ સંખ્યા લોકસભાની કુલ સભ્ય સંખ્યાના 15%થી વધુ હોવી જોઈએ નહીં.

**નોંધ :** મંત્રીપરિષદનો કોઈ મંત્રી જે સંસદના કોઈ એક ગૃહનો સભ્ય છે તે બેમાંથી કોઈપણ ગૃહમાં ચર્ચામાં ભાગ લઈ શકે છે. પરંતુ પોતે જે ગૃહનો સભ્ય હોય તે ગૃહમાં જ મતદાન કરી શકે છે.

## કિચન કેબિનેટ (Kitchen Cabinet)

કિચન કેબિનેટ એ બંધારણીય સંસ્થા નથી કારણ કે બંધારણમાં તેના વિશે કોઈ જોગવાઈ નથી.

- મંત્રીઓની સંખ્યા વધુ હોવાથી કોઈ એક મુદ્દા પર તમામ મંત્રીઓના મત/વિચાર સરખા હોય તે શક્ય નથી.
- પરિણામે નિર્ણય લેવામાં મુશ્કેલી સર્જાય છે.
- આ ઉપરાંત ઘણી બાબતોમાં સરકારની નીતિ અંગેની ગુપ્તતા જળવાતી નથી.
- આ બાબતોને ધ્યાનમાં લઈ પ્રધાનમંત્રી કેબિનેટ મંત્રીમાંથી અમુક મંત્રીઓને પસંદ કરી કેબિનેટનો એક નાનો ઉપસમૂહ રચે છે.
- જેને કિચન કેબિનેટ કહે છે.
- આ કિચન કેબિનેટ દ્વારા મહત્ત્વના અને ઝડપી નિર્ણયો સરળતાથી લઈ શકાય છે.

## મંત્રીઓનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ -75(2) અંતર્ગત દરેક મંત્રી Pleasure of President એટલે કે રાષ્ટ્રપતિની રાજીખુશી સુધી મંત્રી પદ પર રહે છે.

- જોકે અહીં Pleasure of President (રાષ્ટ્રપતિની રાજીખુશી) એ વાસ્તવમાં વડાપ્રધાનની રાજીખુશી છે.
- કેમ કે, રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ પ્રમાણે જ મંત્રીઓની નિમણૂક અને તેમને હોદ્દા પરથી દૂર કરે છે.

## લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ 84માં લોકસભાના સભ્ય બનવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ અનુસાર—

(1) તે ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેમની ઓછામાં ઓછી ઉંમર 25 વર્ષ હોવી જોઈએ.

(3) તેમણે ત્રીજી અનુસૂચિ મુજબ શપથ લીધેલા હોવા જોઈએ.

(4) તેઓ કોઈપણ સંસદીય મતક્ષેત્રની મતદારયાદીમાં નામાંકિત હોવા જોઈએ.

(5) તેઓ અસ્થિર મગજના કે નાદાર જાહેર થયેલા ન હોવા જોઈએ.

(6) સંસદ દ્વારા તેમને અયોગ્ય ઘોષિત કરેલા ન હોવા જોઈએ અથવા સંસદ દ્વારા માંગવામાં આવેલ યોગ્યતાનો તેમનામાં અભાવ ન હોવો જોઈએ.

## લોકસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં લોકસભાના સભ્યોની ચૂંટણી નીચેના સિદ્ધાંતોને આધારે થાય છે :

(1) પ્રત્યક્ષ ચૂંટણી : ભારતમાં પ્રત્યેક મતદાનક્ષેત્રોમાં લોકો પોતાના પ્રતિનિધિને પ્રત્યક્ષ રીતે મતદાન કરીને ચૂંટે છે.

(2) સૌથી વધુ મત મેળવનાર વિજેતા : ભારતમાં ચૂંટણીના ઉમેદવારોમાંથી સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે. તેમાં વિજેતા થવા માટે મતની કોઈ જ મર્યાદા નથી. આથી, ઉમેદવાર 1 મતથી લઈને લાખો મતની લીડથી વિજેતા થઈ શકે છે. ભારતમાં વિજેતા થવા માટે કોઈ ઉમેદવારને ઓછામાં ઓછા 10-20 કે 50 ટકા મત મળવા જ જોઈએ એવી કોઈ મર્યાદા નથી.

(3) એકલ સભ્ય ચૂંટણી ક્ષેત્ર : ભારતમાં લોકસભાના પ્રત્યેક મતદાન ક્ષેત્રમાંથી એક જ પ્રતિનિધિ ચૂંટવામાં આવે છે, એકથી વધુ નહિ.

(4) પ્રાદેશિક પ્રતિનિધિત્વ પદ્ધતિ : ભારતમાં લોકસભામાં દેશના તમામ ભાગોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે, ભારતના તમામ ભાગોને મતક્ષેત્રમાં વહેંચવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બેવડું સભ્યપદ

જો કોઈ સભ્ય એક જ સમયે એક સાથે એકથી વધુ ગૃહનો સભ્ય હોય તો તેણે બેમાંથી એક પદ ખાલી કરવું પડે છે. જેમ કે,

**(1) જો તે રાજ્યસભા અને લોકસભા એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો**

ભારતમાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951 અનુસાર કોઈ વ્યક્તિ એક સાથે સંસદના બંને ગૃહના સભ્ય બની શકતા નથી.

- આથી, જો કોઈ વ્યક્તિ એક સાથે બંને ગૃહોમાં ચૂંટાય તો તેમણે બેમાંથી એક ગૃહના સભ્યપદનો ત્યાગ કરવો પડશે.

- તેઓ કયા ગૃહના સભ્ય પદે રહેવા માંગે છે તેની 10 દિવસમાં ચૂંટણી પંચના સચિવને જાણ કરવાની રહેશે.
- જો તેઓ ચૂંટણી પંચને જાણ ન કરે તો 10 દિવસ બાદ રાજ્યસભાનું તેમનું સભ્ય પદ રદ થઈ જાય છે.

**(2) સંસદના કોઈ એક ગૃહમાં સભ્ય હોય અને બીજા ગૃહમાં ચૂંટાય તો**

ભારતમાં જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ એક ગૃહનો સભ્ય હોય અને બીજા ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈને આવે તો તેમના ચૂંટાવાની તારીખથી એ વ્યક્તિ તે અગાઉ જે ગૃહનો સભ્ય હતો તે ગૃહનું સભ્યપદ ગુમાવે છે.

**(3) સંસદના કોઈ એક ગૃહમાં એકથી વધુ બેઠકોમાં ચૂંટાય તો**

જો કોઈ વ્યક્તિ કોઈ એક ગૃહની એકથી વધુ બેઠકો પર ચૂંટાય તો તેમણે કોઈ એક બેઠકની પસંદગી કરવી પડે છે.

- જો તેઓ કોઈ એક બેઠકની પસંદગી ન કરે તો તેમની બધી જ બેઠકો રદ થઈ જાય છે.

**(4) સંસદ તથા કોઈ રાજ્યના વિધાનમંડળ એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો**

જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ એક ગૃહ અને રાજ્યના વિધાનમંડળ એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો તેઓએ 14 દિવસમાં પોતાની રાજ્ય વિધાનમંડળની બેઠકનો ત્યાગ કરવો પડે છે.

- જો એમ ન કરે તો તેમની સંસદની બેઠક રદ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકસભાનો કાર્યકાળ

ભારતમાં લોકસભાના સભ્યોની ચૂંટણી 'First Past the Post System'ના આધારે થાય છે. અર્થાત્ ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારની જીત થાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 83(2) અનુસાર સામાન્ય રીતે ભારતની લોકસભાનો કાર્યકાળ લોકસભાની પ્રથમ બેઠકથી શરૂ કરીને 5 વર્ષ સુધીનો હોય છે.
- આમ છતાં જો કોઈ પક્ષ કે ગઠબંધન લોકસભામાં પોતાની બહુમતી ગુમાવે અને અન્ય કોઈ પક્ષ કે ગઠબંધન પાસે સરકાર બનાવવા માટે બહુમતી ન હોય તો આવા સંજોગોમાં ફરીથી નવી ચૂંટણી યોજવી પડે છે. અને લોકસભાનું 5 વર્ષ પહેલા જ વિસર્જન થાય છે.
- લોકસભાનું કાર્યકાળ પહેલા વિસર્જન થઈ શકે છે તેવી જ રીતે અમુક સંજોગોમાં લોકસભાનો કાર્યકાળ પાંચ વર્ષ કરતા વધારી પણ શકાય છે.
- અનુચ્છેદ 83(2) અનુસાર જ્યારે રાષ્ટ્રીય કટોકટી અમલમાં હોય ત્યારે સંસદ લોકસભાનો કાર્યકાળ સંસદની એક મંજૂરીથી એક વર્ષ લંબાવી શકે છે.

નોંધ : (1) '42મા બંધારણીય સુધારા, 1976' દ્વારા ભારતમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષથી વધારીને 6 વર્ષ કરવામાં આવ્યો હતો.

(2) જોકે, ત્યારબાદ '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ ઘટાડીને ફરીથી 5 વર્ષ કરવામાં આવ્યો હતો.

## ભારતમાં પ્રથમ લોકસભા ચૂંટણી

આઝાદી બાદ ભારતમાં પ્રથમ વખત ઈ.સ.1951-52માં લોકસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ ચૂંટણી પ્રક્રિયા 25 ઓક્ટોબર, 1951થી 21 ફેબ્રુઆરી, 1952 સુધી યોજાઈ હતી.
- આ ચૂંટણીમાં 489 બેઠકો માટે મતદાન થયું હતું.
- આ સમયે મતદાન માટેની વય મર્યાદા 21 વર્ષ હતી.
- પ્રથમ ચૂંટણીમાં મત આપવા માટે ઉમેદવાર દીઠ અલગ અલગ મત પેટી રાખવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ આશરે 16 લાખ જેટલી મતપેટીઓ ગોદરેજ કંપની દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોને મતદાન અંગેનું જ્ઞાન આપવા થિયેટરોમાં ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોની સંખ્યા આશરે 17.6 કરોડ જેટલી હતી.
- પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનું ચિહ્ન બળદની જોડ હતું.



## સંસદમાં લોકસભા બેઠકોની સંખ્યા

ભારતની સંસદનું 'નીચલુ ગૃહ' લોકસભા છે, લોકસભા ઈંગ્લેન્ડના 'હાઉસ ઓફ કોમન્સ' સાથે સામ્યતા ધરાવે છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ-81માં લોકસભાની રચના અંગેની જોગવાઈ છે.
- અનુચ્છેદ-81 અનુસાર લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા 552 રાખી શકાય છે.
- અત્યાર સુધી લોકસભાના સભ્યોની સંખ્યા 543 (ચૂંટાયેલા) + 2 એંગ્લો – ઈન્ડિયન (રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા) = 545 હતી.
- '104માં બંધારણીય સુધારા, 2019' દ્વારા લોકસભામાં રાષ્ટ્રપતિ દ્વારા થતી 2 એંગ્લો ઈન્ડિયન સભ્યોની નિમણૂક રદ કરવામાં આવી હતી. આથી હવે પછી અનુચ્છેદ 331 અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા લોકસભામાં 2 એંગ્લો ઈન્ડિયન સભ્યની નિમણૂક કરવામાં આવશે નહિ.
- આથી, 18મી લોકસભાથી લોકસભાના સભ્યોની સંખ્યા 543 (ફક્ત ચૂંટાયેલા) રહેશે.

**નોંધ :** (1) ભારતમાં લોકસભાની સૌથી વધુ 80 બેઠકો ઉત્તરપ્રદેશમાં છે.

(2) ઉત્તરપ્રદેશ બાદ બીજા ક્રમે મહારાષ્ટ્રમાં 48 અને ત્રીજા ક્રમે પશ્ચિમ બંગાળમાં લોકસભાની 42 બેઠકો છે.

(3) ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો છે.

(4) ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભાની સૌથી વધુ 7 બેઠકો દિલ્હીમાં છે.

## ચૂંટણી અંગેના મહત્ત્વના અનુચ્છેદ

ભારતીય બંધારણના ભાગ-15માં અનુચ્છેદ 324થી 329 અંતર્ગત ચૂંટણી અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે જે આ પ્રમાણે છે :

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ-324 | ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ચૂંટણી પંચ |
| અનુચ્છેદ-325 | ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગ ભેદના આધારે કોઈપણ વ્યક્તિને ચૂંટણી પ્રક્રિયામાં સમાવેશ થવાનો કે નહીં થવાનો આદેશ આપી શકાય નહિ. |
| અનુચ્છેદ-326 | લોકસભાની અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારને ધોરણે કરવા બાબત |
| અનુચ્છેદ-327 | વિધાનમંડળોની ચૂંટણીઓ અંગે જોગવાઈ કરવાની સંસદને સત્તા |
| અનુચ્છેદ-328 | રાજ્યના વિધાનમંડળની ચૂંટણી સંબંધિત નિયમો બનાવવાની જે તે વિધાનમંડળની સત્તા |
| અનુચ્છેદ-329 | ચૂંટણી સંબંધિત બાબતોમાં ન્યાયાલયના હસ્તક્ષેપ પર પ્રતિબંધ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) ચૂંટણી પંચને 'ચૂંટણી આયોગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(2) 1974માં રચાયેલી તારકુન્ડે સમિતિએ મતદારની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી.

## ભારતની અત્યાર સુધીની લોકસભા અને તેનો કાર્યકાળ

| લોકસભા | કાર્યકાળ | લોકસભા | કાર્યકાળ |
|---|---|---|---|
| પ્રથમ લોકસભા | 1952 - 1957 | દસમી લોકસભા | 1991 - 1996 |
| દ્વિતીય લોકસભા | 1957 - 1962 | અગિયારમી લોકસભા | 1996 - 1998 |
| તૃતીય લોકસભા | 1962 - 1967 | બારમી લોકસભા | 1998 - 1999 |
| ચતુર્થ લોકસભા | 1967 - 1971 | તેરમી લોકસભા | 1999 - 2004 |
| પાંચમી લોકસભા | 1971 - 1977 | ચૌદમી લોકસભા | 2004 - 2009 |
| છઠ્ઠી લોકસભા | 1977 - 1980 | પંદરમી લોકસભા | 2009 - 2014 |
| સાતમી લોકસભા | 1980 - 1984 | સોળમી લોકસભા | 2014 - 2019 |
| આઠમી લોકસભા | 1984 - 1989 | સત્તરમી લોકસભા | 2019 - 2024 |
| નવમી લોકસભા | 1989 - 1991 | અઢારમી લોકસભા | 2024-2029 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના વડાપ્રધાનશ્રીઓ (1947 - 2024)



## અત્યાર સુધીના ભારતના પ્રધાનમંત્રી અને તેમનો કાર્યકાળ

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી જવાહરલાલ નહેરુ | 1947 - 1964 |
| 2 | શ્રી ગુલઝારીલાલ નંદા (કાર્યકારી) | 1964 |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | 1964 - 1966 |
| 4 | શ્રી ગુલઝારીલાલ નંદા (કાર્યકારી) | 1966 |
| 5 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1966 - 1977 |
| 6 | શ્રી મોરારજી દેસાઈ | 1977 - 1979 |
| 7 | શ્રી ચરણ સિંહ | 1979 - 1980 |
| 8 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1980 - 1984 |
| 9 | શ્રી રાજીવ ગાંધી | 1984 - 1989 |
| 10 | શ્રી વિશ્વનાથ પ્રતાપ સિંહ | 1989 - 1990 |
| 11 | શ્રી ચંદ્રશેખર | 1990 - 1991 |
| 12 | શ્રી પી.વી. નરસિંહ રાવ | 1991 - 1996 |
| 13 | શ્રી અટલ બિહારી વાજપેયી | 1996 - 1996 |
| 14 | શ્રી એચ.ડી. દેવગૌડા | 1996 - 1997 |
| 15 | શ્રી આઈ.કે. ગુજરાલ | 1997 - 1998 |
| 16 | શ્રી અટલ બિહારી વાજપેયી | 1998 - 1999 |
| 17 | શ્રી અટલ બિહારી વાજપેયી | 1999 - 2004 |
| 18 | ડૉ. મનમોહન સિંહ | 2004 - 2009 |
| 19 | ડૉ. મનમોહન સિંહ | 2009 - 2014 |
| 20 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 2014 - 2019 |
| 21 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 2019 - 2024 |
| 22 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 2024 - કાર્યરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના વડાપ્રધાન

- શ્રી જવાહરલાલ નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન હતા.
- સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે શ્રી જવાહરલાલ નહેરુ રહ્યા હતા.
- ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.
- શ્રી મોરારજી દેસાઈ પ્રથમ બિન કોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી ગુલઝારીલાલ નંદા બે વખત 14-14 દિવસ માટે કાર્યકારી વડાપ્રધાન બન્યા હતા.
- ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને શપથ 'લોર્ડ માઉન્ટ બેટન' દ્વારા લેવડાવવામાં આવ્યા હતા.
- ભારતીય વડાપ્રધાનનું સરકારી નિવાસ સ્થાન 7 RCR છે. જે હવે લોક કલ્યાણ માર્ગ તરીકે ઓળખાય છે. RCRનું પૂરું નામ રેસ કોર્સ રોડ હતું.
- શ્રી મોરારજી દેસાઈને પાકિસ્તાનનો સર્વોચ્ચ પુરસ્કાર 'નિશાન–એ–પાક' આપવામાં આવ્યો હતો.
- સૌથી મોટી ઉંમરે વડાપ્રધાન પદ પર બિરાજમાન વ્યક્તિ શ્રી મોરારજી દેસાઈ હતા.
- પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિર (ગોલ્ડન ટેમ્પલ)માં ઓપરેશન બ્લૂ સ્ટાર એ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમયમાં થયું હતું. આ ઓપરેશન બ્લૂ સ્ટાર સમયે ભારતીય સેનાના વડા જનરલ અરૂણ શ્રીધર વૈદ્ય હતા.
- વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી 'પ્રિયદર્શિની' તરીકે ઓળખાતા હતા. તેમને આ નામ શ્રી રવિન્દ્રનાથ ટાગોર દ્વારા આપવામાં આવ્યું હતું.
- શ્રી રાજીવ ગાંધી ભારતના સૌથી યુવા પ્રધાનમંત્રી હતા. જેઓ ઈન્ડિયન એરલાયન્સમાં પાયલોટ હતા.
- ભારત–ચીન યુદ્ધ ઈ.સ. 1962માં થયું ત્યારે વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ હતા.
- ઈ.સ. 1965ના ભારત–પાકિસ્તાન યુદ્ધ સમયે વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી હતા.
- ઈ.સ. 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ સમયે વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.
- ઈ.સ. 1999ના ભારત–પાકિસ્તાન યુદ્ધ કે જે કારગિલ યુદ્ધ તરીકે ઓળખાયું છે તે સમયે વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી હતા.
- શ્રી પી.વી. નરસિમ્હા રાવ એકમાત્ર પ્રધાનમંત્રી હતા જેઓ 14 ભાષાઓ જાણતા અને બોલી શકતા. જેમાં મરાઠી, હિન્દી, ઉડિયા, બેંગાલી, ગુજરાતી, તમિલ, ઉર્દુ, અંગ્રેજી, ફ્રેંચ, અરબી, સ્પેનિશ, જર્મન, પર્શિયનનો સમાવેશ થાય છે. તેમની માતૃભાષા તેલુગુ હતી.
- શ્રી પી.વી. નરસિમ્હા રાવ 'ભારતીય અર્થતંત્રના સુધારાના પિતા' અને 'ચાણક્ય' તરીકે ઓળખાતા પ્રધાનમંત્રી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ઈ.સ. 1992ના આર્થિક સુધારા શ્રી પી.વી. નરસિમ્હા રાવના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન થયા હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયી ભારતના એવા પ્રથમ પ્રધાનમંત્રી છે જેમણે યુ.એન. (United Nations) સામાન્ય સભામાં સૌપ્રથમ હિન્દીમાં ભાષણ આપ્યું હતું.
- શ્રી મોરારજી દેસાઈના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં શ્રી અટલ બિહારી વાજપેયી વિદેશ મંત્રી હતા.
- દેશનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન મેળવનાર પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ હતા.
- જય જવાન, જય કિસાનનો નારો શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ આપ્યો હતો.
- જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાનનો નારો શ્રી અટલ બિહારી વાજપેયીએ આપ્યો હતો.
- અત્યાર સુધી સૌથી વધુ વડાપ્રધાન ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી બન્યા છે. કુલ 8 વડાપ્રધાન ઉત્તરપ્રદેશ રાજ્યએ આપ્યા છે.

## ભારત રત્નથી સન્માનિત ભારતના વડાપ્રધાન

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | પંડિત જવાહરલાલ નહેરુ | ઈ.સ. 1955 |
| 2 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | ઈ.સ. 1966 |
| 3 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | ઈ.સ. 1971 |
| 4 | શ્રી રાજીવ ગાંધી | ઈ.સ. 1991 |
| 5 | શ્રી મોરારજી દેસાઈ | ઈ.સ. 1991 |
| 6 | શ્રી મોરારજી દેસાઈ | ઈ.સ. 1991 |
| 7 | શ્રી અટલ બિહારી વાજપેયી | ઈ.સ. 2015 |
| 8 | શ્રી ચૌધરી ચરણ સિંહ | ઈ.સ. 2024 |
| 9 | શ્રી પી.વી.નરસિમ્હા રાવ | ઈ.સ. 2024 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : વર્ષ 2024માં શ્રી લાલકૃષ્ણ અડવાણીને પણ ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ ભારતના નાયબ વડાપ્રધાન રહી ચૂક્યા છે.

## રાજ્ય સભાના સભ્ય હોય અને વડાપ્રધાન બન્યા હોય

| ક્રમ | નામ |
|---|---|
| 1 | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| 2 | શ્રી એચ.ડી. દેવગૌડા |
| 3 | શ્રી આઈ.કે. ગુજરાલ |
| 4 | ડો. મનમોહન સિંહ |

## પોતાના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામેલા વડાપ્રધાન

| ક્રમ | નામ |
|---|---|
| 1 | પંડિત જવાહરલાલ નહેરુ |
| 2 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી |
| 3 | શ્રીમતી ઈન્દિરા ગાંધી |

નોંધ : શ્રી રાજીવ ગાંધી પોતાના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામ્યા ન હતા.

## કોઈ રાજ્યના મુખ્યમંત્રી પદ બાદ વડાપ્રધાન બન્યા હોય તેવા છ વડાપ્રધાનો

| ક્રમ | નામ | રાજ્ય | કાર્યકાળ (મુખ્યમંત્રી તરીકે) |
|---|---|---|---|
| 1 | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ | બોમ્બે | 1952 - 56 |
| 2 | શ્રી ચૌધરી ચરણ સિંહ | ઉત્તરપ્રદેશ | 1967 - 68 |
| 3 | શ્રી વી.પી. સિંહ | ઉત્તરપ્રદેશ | 1989 - 90 |
| 4 | શ્રી પી.વી. નરસિમ્હા રાવ | આંધ્રપ્રદેશ | 1971 - 73 |
| 5 | શ્રી એચ.ડી. દેવગૌડા | કર્ણાટક | 1994 - 96 |
| 6 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ગુજરાત | 2001 - 14 |

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં વર્ષ 2024માં કેટલામી લોકસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું ?

   (A) 15મી (B) 16મી (C) 17મી (D) 18મી **(D)**

2. નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

   1. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજી વખત શપથ લીધા છે.
   2. ભારતમાં હાલ NDAના ગઠબંધન વાળી સરકાર છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) માત્ર 1 (B) માત્ર 2
   (C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

3. 9 જૂન, 2024ના રોજ નવી દિલ્હી ખાતે કઈ જગ્યાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો શપથવિધિ સમારોહ યોજાયો હતો ?

   (A) રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં (B) નવા સંસદ ભવનમાં
   (C) જૂના સંસદ ભવનમાં (D) રામલીલા મેદાનમાં **(A)**

4. તાજેતરમાં ભારતના ગૃહ અને સહકાર મંત્રી તરીકેના કોણે શપથ લીધા છે ?

   (A) શ્રી અમિતભાઈ શાહ (B) શ્રી રાજનાથ સિંહ (C) શ્રી જે.પી. નડ્ડા (D) શ્રી નીતિન ગડકરી **(A)**

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

5. તાજેતરમાં ભારતના 'સંરક્ષણ મંત્રી' તરીકેના શપથ કોણે લીધા છે ?

(A) ડૉ. સુબ્રમણ્યમ જયશંકર (B) શ્રી જગત પ્રકાશ નડ્ડા

(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી અમિતભાઈ શાહ **(C)**

6. તાજેતરમાં ભારતના કેબિનેટ કક્ષાના 'માર્ગ પરિવહન અને રાજમાર્ગ (હાઈવે) મંત્રી' તરીકેના શપથ કોણે લીધા છે ?

(A) શ્રી મનસુખ માંડવિયા (B) શ્રી કિરેન રિજ્જુ (C) શ્રી એસ. જયશંકર (D) શ્રી નીતિન ગડકરી **(D)**

7. તાજેતરમાં ભારતના કેબિનેટ કક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તરીકેના કોણે શપથ લીધા છે ?

(A) શ્રી જી. કિશન રેડ્ડી (B) શ્રી જે.પી. નડ્ડા (C) ડૉ. વિરેન્દ્ર કુમાર (D) શ્રી ભૂપેન્દ્ર યાદવ **(B)**

8. તાજેતરમાં ભારતના કેબિનેટ કક્ષાના કૃષિ મંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?

(A) શ્રી શિવરાજસિંહ ચૌહાણ (B) શ્રી પિયુષ ગોયલ

(C) શ્રી પ્રહલાદ જોષી (D) શ્રી ભૂપેન્દ્ર યાદવ **(A)**

9. ભારતના વર્તમાન નાણામંત્રીનું નામ જણાવો ?

(A) શ્રી અનુરાગ ઠાકુર (B) શ્રીમતી નિર્મલા સીતારામન

(C) શ્રી શિવરાજસિંહ ચૌહાણ (D) શ્રીમતી સ્મૃતિ ઈરાની **(B)**

10. શ્રીમતી નિર્મલા સીતારામન કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ છે ?

(A) કર્ણાટક (B) કેરળ (C) તેલંગાણા (D) ઓડિશા **(A)**

11. તાજેતરમાં ભારતના કેબિનેટ કક્ષાના વિદેશમંત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રાજનાથ સિંહ (B) શ્રી પિયુષ ગોયલ (C) શ્રી એસ. જયશંકર (D) શ્રી અશ્વિન વૈષ્ણવ **(C)**

12. શ્રી એસ. જયશંકર કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ છે ?

(A) રાજસ્થાન (B) ગુજરાત (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક **(B)**

13. ભારતના કેબિનેટ કક્ષાના 'શિક્ષણ મંત્રી' તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી જુઆલ ઓરમ (B) શ્રી મનોહરલાલ ખટ્ટર

(C) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન (D) શ્રી સર્બાનંદ સોનોવાલ **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. ભારતના વર્તમાન કેબિનેટ કક્ષાના મંત્રીઓ સંદર્ભે નીચેના પૈકી યોગ્ય જોડકા જોડો :

| A | B |
|---|---|
| 1. શ્રી ગિરિરાજ સિંહ | a. કાપડ–મંત્રી |
| 2. શ્રી ભૂપેન્દ્ર યાદવ | b. પર્યાવરણ મંત્રી |
| 3. શ્રી અશ્વિની વૈષ્ણવ | c. રેલવે મંત્રી |
| 4. શ્રી મનસુખ માંડવિયા | d. રમત–ગમત મંત્રી |

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1-a, 2-b, 3-c, 4-d (B) 1-b, 2-a, 3-d, 4-c
(C) 1-d, 2-c, 3-b, 4-a (D) 1-d, 2-a, 3-c, 4-b (A)

15. શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના કેટલામાં વડાપ્રધાન છે ?
(A) 8માં (B) 12માં (C) 13માં (D) 14માં (D)

16. ભારતમાં અવકાશ વિભાગ તથા પરમાણુ ઊર્જાના કેબિનેટ કક્ષાના મંત્રીશ્રીનું નામ શું છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતભાઈ શાહ
(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી પિયુષ ગોયલ (A)

17. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં લોકસભાની રચના અંગેની જોગવાઈ છે ?
(A) અનુચ્છેદ 81 (B) અનુચ્છેદ 82 (C) અનુચ્છેદ 83 (D) અનુચ્છેદ 84 (A)

18. ભારતમાં લોકસભાના સભ્યોની સંખ્યા (ફક્ત ચૂંટાયેલા) કેટલી છે ?
(A) 250 (B) 238 (C) 542 (D) 543 (D)

19. ભારતમાં લોકસભાની સૌથી વધુ બેઠકો કયા રાજ્યમાં છે ?
(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ (B)

20. ઉત્તરપ્રદેશમાં લોકસભાની વર્તમાન બેઠકો કેટલી છે ?
(A) 80 (B) 78 (C) 72 (D) 70 (A)

21. ગુજરાતમાં લોકસભાની વર્તમાન બેઠકો કેટલી છે ?
(A) 11 (B) 17 (C) 26 (D) 31 (C)

22. વસતીની દષ્ટિએ વિશ્વના ચાર સૌથી મોટા લોકશાહી દેશોનો સાચો ક્રમ કયો છે ?
(A) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, જાપાન (B) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ
(C) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, મેક્સિકો (D) ભારત, અમેરિકા, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ (World Day Against Child Labour)



સમગ્ર વિશ્વમાં બાળમજૂરીના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે 12 જૂનના રોજ 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization) દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 12 જૂન, 2002 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2024ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ 'Let's Act on Our Commitments : End Child Labour' છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણના અનુચ્છેદ 24 અંતર્ગત બાળ મજૂરી પર પ્રતિબંધની જોગવાઈ છે.
(2) ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન અનુસાર આફ્રિકામાં વિશ્વમાં સૌથી વધુ બાળ મજૂરો છે.

## વિશાખાપટ્ટનમ પોર્ટ વૈશ્વિક કાર્યક્ષમતા સૂચકાંકમાં 19મા ક્રમે



મુન્દ્રા પોર્ટની સાથે વિશાખાપટ્ટનમ પોર્ટ ફેમસ કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI) 2023માં 19મા સ્થાને પહોંચી ગયું છે.

- વિશ્વ બેંક અને S & P ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ CPPI 2023 બનાવવા માટે સાથે મળીને કામ કર્યુ હતું.
- તે વિશ્વભરના કન્ટેનર બંદરોની અસરકારકતાને રેટ કરે છે.
- આ ઈન્ડેક્સ મેરીટાઈમ બિઝનેસમાં એક મહત્ત્વપૂર્ણ ધોરણ છે કારણ કે તે દર્શાવે છે કે બંદરો કેટલા ઉત્પાદક અને સારી રીતે ચાલે છે.
- ભારતના પૂર્વ કિનારે આંધ્રપ્રદેશ રાજ્યમાં આવેલું વિશાખાપટ્ટનમ બંદર સૌથી જૂના બંદરોમાંનું એક છે.
- તે 1933માં બાંધવામાં આવ્યું હતું.

### વિશાખાપટ્ટનમ

વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશનું સૌથી મોટું અને સૌથી વધુ વસતી ધરાવતું શહેર છે.

- તે પૂર્વીયઘાટ અને બંગાળની ખાડીના કિનારાની વચ્ચે સ્થિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે ચેન્નાઈ પછી ભારતના પૂર્વ કિનારે બીજુ સૌથી મોટું શહેર છે.
- વિશાખાપટ્ટનમ એક પ્રાચીન બંદર શહેર હતું. જે મધ્યપૂર્વ અને રોમ સાથે સંબંધ ધરાવતું હતું.
- યુરોપિયન સત્તાઓએ શહેરમાં વેપાર કામગીરીની સ્થાપના કરી અને 18મી સદીના અંત સુધીમાં તે ફ્રેન્ચ સંસ્થાનવાદી શાસન હેઠળ આવી ગયું હતું.
- 1804માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને નિયંત્રણ આપવામાં આવ્યું અને 1947માં ભારતની આઝાદી સુધી તે બ્રિટિશ સંસ્થાનવાદી શાસન હેઠળ રહ્યું હતું.
- વિશાખાપટ્ટનમ ભારતીય નૌકાદળના પૂર્વીય નૌકા કમાન્ડના મુખ્યમથક તરીકે સેવા આપે છે.
- ભારતનું સૌથી ઊંડુ બંદર વિશાખાપટ્ટનમ છે.
- વિશાખાપટ્ટનમને 'સિટી ઓફ ડેસ્ટિની' અને 'ઈસ્ટ કોસ્ટનું રત્ન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આગામી આર્મી ચીફ તરીકે નિયુક્ત



તાજેતરમાં લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને નવા આર્મી ચીફ (આર્મીના વડા) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ આર્મી ચીફ તરીકે 30 જૂન, 2024ના રોજ ચાર્જ સંભાળશે.
- તેઓ વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડેનું સ્થાન લેશે.
- તેમણે આ વર્ષે આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.
- એ અગાઉ 2022 થી 2024 સુધી ઉત્તરી કમાનના જનરલ ઓફિસર કમાન્ડિંગ ઈન–ચીફનું પદ સંભાળતા હતા.
- તેઓ સૈનિક સ્કૂલ રીવા અને નેશનલ ડિફેન્સ એકેડેમી NDA, ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- વર્ષ 1984માં ભારતીય સૈન્યની 18મી જમ્મુ કાશ્મીર રાઈફલ્સમાં કમિશન અપાયું હતું. બાદમાં તેમણે યુનિટની કમાન સંભાળી હતી.
- તેમણે તેમની લાંબી કારકિર્દી સેવા દરમિયાન અસંખ્ય કમાન્ડ, સ્ટાફ, સૂચનાત્મક અને વિદેશી નિમણૂકોમાં સેવા આપી છે.


## ભારતીય શાસ્ત્રીય સંગીતકાર શ્રી રાજીવ તારાનાથનું નિધન

ભારતીય શાસ્ત્રીય સંગીતકાર અને સરોદ ઉસ્તાદ પંડિત રાજીવ તારાનાથનું તાજેતરમાં નિધન થયું છે.


- શ્રી રાજીવ તારાનાથ અલી અકબર ખાનના શિષ્ય હતા.
- તેમનો જન્મ 17 ઓક્ટોબર, 1932ના રોજ બેંગ્લોરમાં થયો હતો.
- તેમણે તેમના પિતા પંડિત તારાનાથ પાસેથી ગાયક સંગીતની પ્રારંભિક તાલીમ મેળવી હતી.

## સરોદ વિશે

સરોદ એ લ્યૂટ પરિવારનું એક તારવાળું વાદ્ય છે, જેનો ઉપયોગ ભારતીય ઉપખંડમાં હિન્દુસ્તાની સંગીતમાં થાય છે.



- સિતાર સાથે તે સૌથી લોકપ્રિય અને અગ્રણી વાદ્યો પૈકીનું એક છે.
- તે અફઘાન રબાબનું અનુકૂલન છે, જે 16મી સદી દરમિયાન ભારતમાં આવ્યું હતું.
- આ સાધનનું આધુનિક સ્વરૂપ 19મી સદીમાં ડિઝાઈન કરવામાં આવ્યું હતું.
- સરોદ 100 સેમી લાંબો છે અને તેનું બોડી હોલો સાગ, સાગવાન અથવા તુન લાકડામાંથી બનેલું છે.
- જે સરોદ વગાડે છે તેને સરોદિયા કહેવામાં આવે છે અને સરોદ શબ્દ પર્શિયન ગીત અથવા ધૂન માટે થાય છે.
- સરોદના તારને ત્રિકોણ આકારના પ્લેક્ટ્રમનો ઉપયોગ કરીને ખેંચવામાં આવે છે, જેને જાવા કહેવામાં આવે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જૂન (B) 11 જૂન (C) 12 જૂન (D) 13 જૂન (C)

2. વર્ષ 2024ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ શું છે ?

(A) Protect Children From Corona, now more than ever.

(B) Let's Act on Our Commitments: End Child Labour

(C) Universal, Social Protection to end Child Labour

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહી (B)

3. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો છે ?

(A) 2000 (B) 2001 (C) 2002 (D) 2003 (C)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ વિશાખાપટ્ટનમ પોર્ટ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) ઓડિશા (D) તમિલનાડુ (A)

5. તાજેતરમાં આર્મી ચીફના વડા તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી ઉપેન્દ્ર દ્વિવેદી (B) શ્રી રાજીવ ત્રિવેદી

(C) શ્રી અજય પાંડે (D) શ્રી અભય સિંહા (A)

6. તાજેતરમાં શ્રી રાજીવ તારાનાથનું નિધન થયું છે. તેઓ નીચે દર્શાવેલ વાદ્યો પૈકી કયા વાદ્યના કલાકાર હતા ?

(A) તબલા (B) સરોદ (C) વાયોલિન (D) બંસરી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ (International Albinism Awareness Day)

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 13 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ' દિવસનું આયોજન કરવામાં આવે છે.




- આ દિવસનો ઉદ્દેશ લોકોને આલ્બિનિઝમ અથવા રંગ અંધત્વ વિશે જાગૃત્ત કરવાનો અને રંગ અંધત્વથી પીડિત લોકોના માનવ અધિકારો વિશે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- નોંધનીય છે કે 18 ડિસેમ્બર, 2014ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વિશ્વમાં આલ્બિનિઝમ ધરાવતા લોકો દ્વારા થતા ભેદભાવ સામે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 13 જૂનને 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ' તરીકે જાહેર કર્યો હતો.
- આલ્બિનિઝમ જન્મ સમયે હાજર એક દુર્લભ અને આનુવંશિક રીતે વારસાગત રોગ છે. તથા તે એક બિનચેપી રોગ પણ છે.
- તે માનવ શરીરમાં મેલેનિનના ઉત્પાદનમાં સામેલ એન્ઝાઈમના અભાવને કારણે ત્વચા, વાળ અને આંખોમાં રંગદ્રવ્ય અથવા રંગની સંપૂર્ણ અથવા આંશિક અભાવ દ્વારા ચિહ્નિત થયેલ જન્મજાત વિકૃતિ છે.
- આલ્બિનિઝમ ધરાવતા લગભગ તમામ લોકો દૃષ્ટિની ક્ષતિ ધરાવતા હોય છે અને તેમને ત્વચાનું કેન્સર થવાનું જોખમ વધારે હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN)

તાજેતરમાં કેન્દ્ર સરકારે નવી રચાયેલી સરકારના પ્રથમ નિર્ણયમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN)નો સત્તરમો હપ્તો બહાર પાડ્યો હતો.




### PM-KISAN યોજના વિશે


24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના'નો શુભારંભ કર્યો હતો.

- ભારતના નાના અને સીમાંત ખેડૂતોને દર વર્ષે કેટલીક નિશ્ચિત રકમ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ.6000 આપવામાં આવે છે.
- આ સહાય રૂ.2000ના ત્રણ સમાન હપ્તામાં (2000×3) લાભાર્થી ખેડૂતના સીધા બેંક ખાતામાં જમા થઈ જાય છે.
- શરૂઆતમાં 2 હેક્ટર કે તેથી ઓછી જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો હતો.
- પરંતુ બાદમાં આ મર્યાદા દૂર કરવામાં આવી હતી અને તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.
- ભારતમાં આશરે 12 કરોડ જેટલા ખેડૂત પરિવારોને આ લાભ મળી રહ્યો છે.

## પરમાણુ ઘડિયાળ (Atomic Clock)

તાજેતરમાં સંશોધકોએ પોર્ટેબલ ઓપ્ટિકલ પરમાણુ ઘડિયાળ બનાવી છે, જેનો ઉપયોગ જહાજો પર થઈ શકે છે.



### પરમાણુ ઘડિયાળ વિશે

પરમાણુ ઘડિયાળ તેની અસાધારણ ચોક્સાઈ માટે જાણિતિ ઘડિયાળ છે.

- અને તે અણુઓની ચોક્કસ રેઝોન્સ ફ્રીકવન્સી, સામાન્ય રીતે સીઝિયમ અથવા રૂબિડિયમ દ્વારા સંચાલિત છે.
- તેની શોધ લુઈસ એસેન દ્વારા વર્ષ 1955માં કરવામાં આવી હતી.
- હાલમાં ભારતમાં પરમાણુ ઘડિયાળો અમદાવાદ અને ફરિદાબાદમાં કાર્યરત છે.
- અણુ ઘડિયાળો પરંપરાગત ઘડિયાળો કરતા ઘણી વધુ સચોટ છે કારણ કે અણુ ઓસિલેશનની આવર્તન ઘણી વધારે છે અને તે વધુ સ્થિર છે.
- પરમાણુ ઘડિયાળો ખૂબ જ સચોટ છે, જેમાં પરંપરાગત અણુ ઘડિયાળો દર 300 મિલિયન વર્ષે એક સેકન્ડ ગુમાવે છે અથવા મેળવે છે.
- જ્યારે ઓપ્ટિકલ પરમાણુ ઘડિયાળો 300 અબજ વર્ષો સુધી આ ચોક્સાઈ જાળવી શકે છે.
- સીઝિયમ પરમાણુ ઘડિયાળ દર 1.4 મિલિયન વર્ષે એક સેકન્ડ ગુમાવે છે અથવા મેળવે છે.
- તેનો ઉપયોગ ઘણી એપ્લિકેશન્સમાં થાય છે જેને ખૂબ જ ચોક્કસ સમયની જરૂર હોય છે, જેમ કે GPS સિસ્ટમ્સ, ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક અને વૈજ્ઞાનિક સંશોધન.

### પરમાણુ ઘડિયાળ કેવી રીતે કામ કરે છે ?

પરમાણુ ઘડિયાળો 'સીઝિયમ અણુ' નામના અણુનો ઉપયોગ કરીને કામ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સીઝિયમ અણુઓ ખૂબ જ સ્થિર હોય છે અને તેમની પાસે ખૂબ ચોક્કસ આવર્તન હોય છે કે જેના પર તેમના ઈલેક્ટ્રોન વાઈબ્રેટ થાય છે.
- આ આવર્તનનો ઉપયોગ અણુ ઘડિયાળના સમયની દેખરેખ માટેના આધાર તરીકે થાય છે.
- સીઝિયમ અણુઓનો ઉપયોગ કરીને સમય માપવા માટે અણુ ઘડિયાળ 'માઈક્રોવેવ કેવિટી' નામના ઉપકરણનો ઉપયોગ કરે છે.
- માઈક્રોવેવ પોલાણ એ એક ચેમ્બર છે જે સીઝિયમ વરાળથી ભરેલો છે.
- ત્યારબાદ પોલાણમાં માઈક્રોવેવ સિગ્નલ મોકલવામાં આવે છે, જેના કારણે સીઝિયમ પરમાણુ વાઈબ્રેટ થાય છે.
- જેમ જેમ સીઝિયમ પરમાણુ વાઈબ્રેટ થાય છે, તેમ તેઓ ખૂબ ચોક્કસ આવર્તન પર કિરણોત્સર્ગનું ઉત્સર્જન કરે છે.
- આ આવર્તન પછી ડિટેક્ટર શોધી કાઢવામાં આવે છે, જે તેને પ્રમાણભૂત આવર્તન સાથે સરખાવે છે.
- બે ફ્રિકવન્સી વચ્ચેના તફાવતનો ઉપયોગ ઘડિયાળના ટાઈમકિપિંગને સમાયોજિત કરવા માટે થાય છે.
- અણુ અથવા પરમાણુ ઘડિયાળના બે પ્રકાર છે :

  (1) સીઝિયમ અણુ ઘડિયાળ

  (2) હાઈડ્રોજન મેઝર અણુ ઘડિયાળ

## UNESCO'S State of Ocean Report 2024

તાજેતરમાં યુનેસ્કોનો સ્ટેટ ઓફ ઓશન રિપોર્ટ 2024 બહાર પાડવામાં આવ્યો હતો.

- યુનેસ્કોનો સ્ટેટ ઓફ ઓશન રિપોર્ટ, 2024 વૈશ્વિક મહાસાગરોની વર્તમાન સ્થિતિની નિર્ણાયક આંતરદષ્ટિ પ્રદાન કરે છે, જે આબોહવા પરિવર્તન અને માનવીય પ્રવૃત્તિઓ દ્વારા ઊભા થયેલા પડકારો પર ભાર મૂકે છે.

### સ્ટેટ ઓફ ઓશન રિપોર્ટ 2024ના મુખ્ય તારણો

આ અહેવાલ સમુદ્રના ઉષ્ણતા સાથે સંબંધિત ડેટા અને સંશોધનમાં અંતરને પ્રકાશિત કરે છે.




- મહાસાગરોને લગતી સમસ્યાઓનો સામનો કરવા માટે સમુદ્રના ઉષ્ણતા અને તેની અસરોને મોનિટર કરવા માટે નિયમિત ડેટા સંગ્રહની જરૂર છે.

### મહાસાગરનું ઉષ્ણતામાન

1960 થી 2023 સુધી સમુદ્રનું ઉપરનું 2000 મીટર પાણી સરેરાશ 0.32 વોટ/$m^2$ના દરે ગરમ થયું છે, જે છેલ્લા બે દાયકામાં 0.66 વોટ/$m^2$ થી વધુ છે.

- વોટર વોર્મિંગનો આ વલણ ચાલુ રહેવાની અપેક્ષા છે, જે ભવિષ્યમાં વ્યાપક ફેરફારો તરફ દોરી શકે છે.

## પૃથ્વીનું ઊર્જા અસંતુલન

મહાસાગરોએ પૃથ્વીનું ઊર્જા અસંતુલન (EEI)ના અસંતુલનમાં માનવીય પ્રવૃત્તિઓમાંથી વધતા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ફાળો આપ્યો છે.

- EEI એ સૂર્યની ઊર્જા ઘટના અને પૃથ્વી પરથી પ્રતિબિંબિત ઊર્જા વચ્ચેનું સંતુલન છે.
- મહાસાગરો EEIમાં લગભગ 90% હિસ્સો ધરાવે છે, જેના પરિણામે તેના પાણીના 2000 મીટરના ઉષ્ણતામાં સંચિત વધારો થઈ રહ્યો છે.
- તે ગરમ થવાથી પાણીમાં ઓક્સિજનની ઉણપ થઈ શકે છે.
- ઓક્સિજનના અવક્ષયથી દરિયાકાંઠાના અને મોટા દરિયાઈ જીવસૃષ્ટિના સ્વાસ્થ્ય પર લાંબા ગાળાની નકારત્મક અસર થઈ શકે છે.

## મહાસાગર એસિડીકરણ

તમામ મહાસાગરના બેસિન અને મહાસાગરોના એસિડીકરણમાં વૈશ્વિક સરેરાશ વધારો થયો છે.

- ખુલ્લા મહાસાગરોના PHમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.
- વૈશ્વિક સ્તરે 1980ના દાયકાના ઉત્તરાધથી મહાસાગરની સપાટીની સરેરાશ PH દર દાયકામાં 0.017-0.027 PH એકમો દ્વારા ઘટી રહ્યા છે.
- તાજા પાણીના પ્રવાહ, જૈવિક પ્રવૃત્તિઓ, તાપમાનમાં ફેરફાર અને અલ નીનો સધર્ન ઓસિલેશન (ENSO) જેવી આબોહવાની પેટર્નને કારણે દરિયાકાંઠાના પાણી એસિડિક બની શકે છે.
- કૃષિ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણીને અસર કરી શકે છે.
- જોકે મર્યાદિત લાંબાગાળાના અવલોકનો, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં આ ઘટનાની સંપૂર્ણ સમજણને અવરોધે છે.

## દરિયાઈ સપાટીમાં વધારો

1993 થી 2023 દરમિયાન દર વર્ષે લગભગ 3.4 મીમીના દરે વૈશ્વિક સરેરાશ દરિયાઈ સપાટીમાં વધારો થયો છે.

## સમુદ્રી કાર્બન ડાયોક્સાઈડ રિમૂવલ

અહેવાલમાં વાતાવરણીય કાર્બન ડાયોક્સાઈડને કેપ્ચર કરવા તેમજ સંગ્રહિત કરવાના હેતુથી સમુદ્રી કાર્બન ડાયોક્સાઈડ રિમૂવલ (MCDR) ટેક્નોલોજીમાં વધતી જતી રુચીને સ્વીકારવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 2022 યુનાઈટેડ નેશન્સ ઓશન્સ કોન્ફરન્સ દરમિયાન ઈન્ટર ગવર્નમેન્ટલ ઓશોનો ગ્રાફિક કમિશન (IOC-UNESCO) દ્વારા શરૂ કરાયેલ યુનેસ્કો 'સ્ટેટ ઓફ ધ ઓશન રિપોર્ટ' સમુદ્રની વર્તમાન સ્થિતિની સુલભ ઝાંખી તરીકે કામ કરે છે.

(2) તે ટકાઉ વિકાસ માટે યુએન ડીકેડ ઓફ ઓશન સાયન્સ (2021-2030)ના મોનિટરિંગને સમર્થન આપે છે અને ટકાઉ સમુદ્ર ભવિષ્ય તરફની ક્રિયાઓને પ્રોત્સાહિત કરે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 13 જૂન (B) 14 જૂન (C) 15 જૂન (D) 16 જૂન **(A)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' (PM-KISAN) યોજનાનો સત્તરમો હપ્તો બહાર પાડ્યો હતો. આ PM-KISAN યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો શુભારંભ ફેબ્રુઆરી, 2019માં થયો હતો.
2. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર 80 ટકા અને રાજ્ય સરકાર 20 ટકા સહાય ખેડૂતોને ચૂકવે છે.
3. આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ.6000 આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 (D) 1, 2 અને 3 **(A)**

3. તાજેતરમાં પરમાણુ ઘડિયાળ ચર્ચામાં હતી. નીચેનામાંથી કયું તત્ત્વ પરમાણુ ઘડિયાળોમાં ટાઈમકીપર તરીકે વપરાય છે ?

(A) પોટેશિયમ (B) સીઝિયમ (C) કેલ્શિયમ (D) મેગ્નેશિયમ **(B)**

4. તાજેતરમાં યુનેસ્કોનો 'સ્ટેટ ઓફ ઓશન રિપોર્ટ 2024' બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અહેવાલ સમુદ્રના ઉષ્ણતા સાથે સંબંધિત ડેટા અને સંશોધનમાં અંતરને પ્રકાશિત કરે છે.

(B) અહેવાલ અનુસાર 1960 થી 2023 સુધી સમુદ્રનું ઉપરનું 2000 મીટર પાણી સરેરાશ 0.32 વોટ/$m^2$ના દરે ગરમ થયું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ (World Blood Donor Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2005 થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃતિ લાવવા માટે તથા સ્વૈચ્છિક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ રક્તદાન દિવસ' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ચલાવવામાં આવતા આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનોમાનું એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મેલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ ડે, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ ક્ષય રોગ દિવસનો સમાવેશ થાય છે.
- વર્ષ 2024ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ '20 years of celebrating giving : thank you blood donors!' છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મ 14 જૂન, 1868ના રોજ થયો હતો.

(3) તેમણે ઈ.સ. 1901માં A, B અને O બ્લડ ગ્રુપની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

# Global Gender Gap Report 2024 : WEP

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEP)એ તેના 2024 માટેના વાર્ષિક 'ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ'ની 18મી આવૃત્તિ બહાર પાડી હતી.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEP)એ 2024 માટે તેના ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટમાં ભારતને 146 દેશોમાંથી 129મું સ્થાન આપ્યું છે.
- ગયા વર્ષે ભારત 127માં સ્થાને હતું.
- વર્ષ 2024માં ભારતનો એકંદર સ્કોર 0.641 (અથવા 64.1) હતો.
- જેન્ડર ગેપ અથવા જેન્ડર તફાવત એ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનો તફાવત છે જે સામાજિક, રાજકીય, બૌદ્ધિક, સાંસ્કૃતિક અથવા આર્થિક સિદ્ધિઓ અથવા વલણમાં પ્રતિબિંબિત થાય છે.
- ઈન્ડેક્સ મુજબ 146 દેશોમાં આઈસલેન્ડે વિશ્વના સૌથી વધુ લિંગ–સમાન દેશ તરીકે તેનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.
- આઈસલેન્ડે સતત 15મા વર્ષે તેનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.
- આઈસલેન્ડ એકમાત્ર દેશ છે જે 90%થી વધુ જેન્ડર ગેપ ઘટાડવામાં સફળ રહ્યો છે.
- આઈસલેન્ડ, ફિનલેન્ડ, નોર્વે, ન્યુઝીલેન્ડ અને સ્વીડન આ યાદીમાં અનુક્રમે ટોચના પાંચ દેશો છે.
- તથા અંતિમ 146મા ક્રમે સુદાન છે.

## ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ શું છે ?

તે ચાર મુખ્ય પરિમાણોમાં લિંગ સમાનતા તરફ પ્રગતિ પર દેશોનું મૂલ્યાંકન કરે છે :

(1) આર્થિક ભાગીદારી અને તકો

(2) શૈક્ષણિક પ્રાપ્તિ

(3) આરોગ્ય અને સર્વાઈવલ

(4) રાજકીય સશક્તિકરણ

- તેનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય, શિક્ષણ, અર્થતંત્ર અને રાજકરણમાં મહિલાઓ અને પુરુષો વચ્ચેના સાપેક્ષ અંતર પર પ્રગતિને ટ્રેક કરવા માટે દિશાસૂચક તરીકે કાર્ય કરવાનો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Global Gender Gap Report 2024

| Rank | Country | Score |
|---|---|---|
| 1 | આઈસલેન્ડ | 0.935 |
| 2 | ફિનલેન્ડ | 0.875 |
| 3 | નોર્વે | 0.875 |
| 4 | ન્યુઝીલેન્ડ | 0.835 |
| 5 | સ્વીડન | 0.816 |
| 99 | બાંગ્લાદેશ | 0.889 |
| 117 | નેપાળ | 0.664 |
| 122 | શ્રીલંકા | 0.653 |
| 124 | ભૂટાન | 0.651 |
| 129 | ભારત | 0.641 |
| 145 | પાકિસ્તાન | 0.570 |
| 146 | સુદાન | 0.568 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતે માધ્યમિક શિક્ષણ નોંધણીમાં શ્રેષ્ઠ લિંગ સમાનતા દર્શાવી છે.

(2) ભારત છેલ્લા 50 વર્ષોમાં મહિલાઓના રાજકીય સશક્તિકરણમાં વૈશ્વિક સ્તરે 65મા ક્રમે છે અને પુરુષ અથવા સ્ત્રી રાજ્યના વડાઓ સાથે સમાનતાના વર્ષોમાં 10માં ક્રમે છે.

(3) જોકે સંઘીય સ્તરે મંત્રી પદ (6.9%) અને સંસદમાં (17.2%) મહિલાઓનું પ્રતિનિધિત્વ ઓછું છે.

## બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સ

ભારત, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, જાપાન અને યુરોપિયન યુનિયન (EU)એ COVID-19 મહામારી દરમિયાન દવાના પુરવઠાની અછતને પહોંચી વળવા માટે બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સની રચના કરી છે.

### બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સ શું છે ?

બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સ એ એક વ્યૂહાત્મક ભાગીદારી જોડાણ છે.

- જેનો હેતુ વિશ્વભરમાં બાયોફાર્માસ્યુટિકલ ઉત્પાદનોનો સ્થિર અને સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે અને રસીની મુત્સદ્દીગીરીમાં મદદ કરવાનો છે.

- તેનો ઉદ્દેશ્ય સહભાગી દેશો વચ્ચે જૈવ નીતિઓ, નિયમો અને સંશોધન તથા વિકાસ સહાયક પગલાનું સંકલન કરવાનો છે.
- આ પહેલ દક્ષિણ કોરિયા અને યુ.એસ. વચ્ચેની ચર્ચાઓમાંથી ઉદ્ભવી હતી અને જાપાન, ભારત અને યુરોપિયન યુનિયન (EU)નો સમાવેશ કરવા માટે કરવામાં આવી હતી.
- સહયોગ કરીને સભ્ય દેશો એવી સિસ્ટમ બનાવવાની આશા રાખે છે જે ભવિષ્યની વૈશ્વિક આરોગ્ય કટોકટીનો સામનો કરી શકે.

## શા માટે તેની જરૂરિયાત ઊભી થઈ



કોવિડ-19 મહામારી દરમિયાન અનુભવાયેલી દવાના પુરવઠાની અછતના પ્રતિભાવમાં જોડાણની રચના કરવામાં આવી છે.

- મહામારીએ બાયોફાર્માસ્યુટિકલ્સ માટે વિશ્વસનીય અને ટકાઉ સપ્લાય ચેઈનની જરૂરિયાતને પ્રકાશિત કરી હતી.
- જૈવ નીતિઓ અને નિયમોને સંરેખિત કરીને જોડાણ બાયોફાર્માસ્યુટિકલ વિકાસ માટે સંકલિત અભિગમને પ્રોત્સાહન આપે છે.

## અમલીકરણ

સભ્ય દેશો જૈવ નીતિઓ અને સંશોધન સમર્થનના સંમત સંકલનનો અમલ શરૂ કરશે.

## કોવિડ-19 મહામારી દરમિયાન મુખ્ય દવાઓની અછત

કોવિડ-19 મહામારીને કારણે અનેક ગંભીર આરોગ્ય સંભાળ ક્ષેત્રોમાં વ્યાપક અછત સર્જાઈ હતી.

- કોવિડ-19 રસીની અછત વિશ્વભરમાં રસીકરણ અભ્યાસને અસર કરે છે.
- આવશ્યક દવાઓ જેમ કે રેમડેસિવીર અછતનો સામનો કરવો પડ્યો હતો.
- આ અછતના કારણે ચેપના ટોચના સમયગાળા દરમિયાન દર્દીની સંભાળનું સંચાલન કરવામાં પડકારો સર્જાયા હતા.
- કોવિડ-19 કેસોમાં થયેલા વધારાને કારણે મેડિકલ ઓક્સિજનની માંગમાં પણ વધારો થયો હતો.
- ઘણા દેશોએ ગંભીર શ્વસન લક્ષણો માટે આવશ્યક તબીબી ઓક્સિજનની વધેલી જરૂરિયાતને પહોંચી વળવા સંઘર્ષ કર્યો હતો.

## વિશ્વની ફાર્મસી તરીકે ભારત

ભારતે તેના મજબૂત જેનરિક ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, વૈશ્વિક સ્તરે સસ્તું અને ગુણવત્તાયુક્ત દવાઓ સપ્લાય કરવાને કારણે 'વિશ્વની ફાર્મસી'નું બિરુદ મેળવ્યું છે.

- આ પ્રતિષ્ઠા HIV/AIDS મહામારી દરમિયાન વધી હતી, જ્યારે ભારતીય કંપનીઓએ આફ્રિકન દેશોને સસ્તું એન્ટિરેટ્રોવાયરલ દવાઓ પૂરી પાડી હતી.
- એઈડ્સ, ટી.બી. અને મેલેરિયા સામે લડવા માટે વૈશ્વિક ભંડોળની સ્થાપના પછી ભારતનો સામાન્ય ઉદ્યોગ મુખ્ય સપ્લાયર બન્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 જૂન (B) 12 જૂન (C) 13 જૂન (D) 14 જૂન — (D)

2. વર્ષ 2024ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ શું છે ?

(A) 20 years of celebrating giving: thank you blood donors!

(B) Doneting blood is an Act of Solidarity. Join the effort and save lives.

(C) Safe blood, Save lives

(D) Give blood, Give Now, Give often — (A)

3. કયા પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિન 14 જૂન 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી ટીમોથી બર્નર્સલી (B) શ્રી જેમ્સ વોટ્સન

(C) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર (D) શ્રી એલન ગ્રુથ — (C)

4. A, B અને O બ્લડ ગ્રુપના શોધકનું નામ શું છે ?

(A) શ્રી ટીમોથી ચાર્લ્સ લી (B) શ્રી કાર્લ મેકમાસ્ટર

(C) શ્રી એલેન હ્યુજ (D) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર — (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. Global Gender Gap Report 2024માં ભારતને 146 દેશોમાંથી કેટલામું સ્થાન મળ્યું છે ?

(A) 121મું (B) 129મું (C) 135મું (D) 139મું — (B)

6. Global Gender Gap Report 2024માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) આઈસલેન્ડ (B) અમેરિકા (C) યુકે (D) નોર્વે — (A)

7. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Global Gender Gap Report 2024' પ્રસિદ્ધ કર્યો હતો ?

(A) UNEP (B) UFFCCC (C) NITI આયોગ (D) WEF — (D)

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારત, દક્ષિણ કોરિયા, યુ.એસ., જાપાન અને EUએ કોવિડ-19 મહામારી દરમિયાન દવાના પુરવઠાની અછતને પહોંચી વળવા માટે બાયોફાર્માસ્યુટિકલ એલાયન્સની રચના કરી છે.
2. તેની સ્થાપનાનો ઉદ્‌ભવ વર્ષ 2023માં જાપાનમાં યોજાયેલી G7 સમિટ દરમિયાન થયો હતો.


યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા — (A)

## દિવસ મહિમા : 15 જૂન, (1) વૈશ્વિક પવન દિવસ (Global wind Day)
## (2) વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ (World Elder Abuse Awareness Day)

### વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ





દર વર્ષે 15 જૂનના રોજ વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે અથવા વિશ્વ દુર્વ્યવહાર જાગૃતતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ વિશ્વભરની વૃદ્ધ વસતી સાથે દુર્વ્યવહાર (મૌખિક, શારીરિક અથવા ભાવનાત્મક) પ્રત્યે જાગૃત્તિને પ્રોત્સાહન આપે છે.
- વૃદ્ધો માટે ખાસ દિવસ તરીકે જાહેર કરવાની વિનંતીને પગલે જૂન 2006માં આ દિવસની ઉજવણી શરૂ થઈ હતી.
- જોકે વર્ષ 2011માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) દ્વારા આ દિવસને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી.

## પૃથ્વીનો આંતરિક ભાગ (Inner Core of the Earth)

યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાના તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે પૃથ્વીનો આંતરિક ભાગ ઘણો ધીમો પડી ગયો છે.

- આ અગાઉ 2023માં પ્રસિદ્ધ જર્નલ નેચર જીઓસાયન્સમાં પણ આ સંશોધન પ્રકાશિત કરવામાં આવ્યું હતું.
- જર્નલ નેચર જીઓસાયન્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં છ દાયકામાં આવેલા ધરતીકંપોના સિસ્મિક તરંગોની તપાસ કરવામાં આવી હતી.
- આ સિગ્નલોના સમય અને પ્રસારમાં થતા ફેરફારોનું વિશ્લેષણ કરીને તેઓ આંતરિક કોરોના પરિભ્રમણનું અનુમાન લગાવી શકે છે.
- જે આવરણ અને બાકીના ગ્રહથી સ્વતંત્ર રીતે ફરતું હોવાનું માનવામાં આવે છે.



- 1970ના દાયકાના પ્રારંભમાં આંતરિક ભાગ બાકીના ગ્રહો કરતા સહેજ ઝડપથી સ્પિન કરવાનું શરૂ કર્યુ હતું. પરંતુ 2009ની આસપાસના પૃથ્વીના પરિભ્રમણ સાથે સુમેળ કરતા પહેલા ધીમો પડી ગયો છે.
- આંતરિક કોર હવે સપાટી કરતા વધુ ધીમે ફરે છે. આગામી સંક્રમણ 2040ના દાયકાના મધ્યમાં થઈ શકે છે.
- પરિણામો સૂચવે છે કે પૃથ્વીનો આંતરિક ભાગ સરેરાશ દર 60-70 વર્ષે તેની પરિભ્રમણ ગતિમાં ફેરફાર કરે છે.
- આ અભ્યાસ કેટલાક સંશોધકોને એકીકૃત ગતિશિલ પ્રણાલી તરીકે સમગ્ર પૃથ્વીનું પ્રતિનિધિત્વ કરતા મોડલ વિકસાવવા અને તેનું પરીક્ષણ કરવા પ્રેરિત કરી શકે છે.
- આંતરિક ભાગની ધીમી ગતિ ગ્રહોની પરિભ્રમણ ગતિ તેમજ કોર કેવી રીતે વિકસિત થાય છે તેના પર અસર કરી શકે છે.

## પૃથ્વીનો આંતરિક ભાગ

તે પૃથ્વીનું સૌથી અંદરનું સ્તર છે. તે પ્લુટોના કદ જેટલા ગરમ લોખંડનો ગોળો છે.

- પૃથ્વીના અન્ય ઉપલા સ્તરો દ્વારા તેના પર નાખવામાં આવેલા વજનના દબાણને કારણે આંતરિક કોર નક્કર છે.
- તે બાહ્ય કોરથી અલગ છે, જે પ્રવાહી છે.
- આપણે જે સપાટી પર રહીએ છીએ તેની લગભગ 5000 કિલોમીટર (3100 માઈલ) નીચે આંતરિક કોર મુક્તપણે ફરી શકે છે કારણ કે ત્યાં પ્રવાહી ધાતુ બાહ્ય કોરમાં તરે છે.
- આંતરિક ભાગની સરેરાશ ત્રિજ્યા 1220 કિ.મી. છે.
- આંતરિક અને બાહ્ય કોરો વચ્ચેની સીમા પૃથ્વીની સપાટીથી લગભગ 5150 કિ.મી. નીચે સ્થિત છે.
- આ સિમાને '<u>Lehman Seismic Discontinuity</u>' કહેવામાં આવે છે.
- તેનું તાપમાન 7,200 થી 8,500° F (અથવા 4000° થી 4700°C) વચ્ચે છે.

## પૃથ્વીના ત્રણ સ્તરો

પૃથ્વી સપાટીથી તેના કેન્દ્ર સુધીના ત્રણ ભાગ પાડ્યા છે. જે નીચે મુજબ છે :

(1) મૃદાવરણ (Lithosphere)


(2) મિશ્રાવરણ (મેન્ટલ)

(3) ભૂગર્ભ (Core)

## મૃદાવરણ


આ આવરણ પૃથ્વી સપાટીનું ઉપરનું આવરણ છે, જે માટીના સ્તરો કે ખડક સ્તરોનું બનેલું છે.

- તેને મૃદાવરણ કે ભૂકવચ પણ કહેવામાં આવે છે.
- પૃથ્વીનો આ પોપડો આશરે સરેરાશ 33 કિમીની જાડાઈ ધરાવે છે. ભૂમિ ખંડોની નીચે તેની જાડાઈ 30 કિમી સુધી અને મહાસાગરોની નીચે તેની જાડાઈ 5 કિમી છે.
- મુખ્ય પર્વતીય ક્ષેત્રોમાં તેની જાડાઈ ખૂબ વધારે છે. હિમાલય પર્વત શ્રેણી નીચે તેની જાડાઈ આશરે 70 કિ.મી. છે.
- પૃથ્વી સપાટીની નજીકના ભાગમાં પ્રસ્તર ખડકોનું પાતળું સ્તર છે. આ સ્તરના નીચેના બે પેટા વિભાગ પડે છે : (1) ભૂકવચ (Sial) અને (2) ભૂરસ (Sima).
- સિયાલ સ્તર ગ્રેનાઈટ ખડકોનો બનેલો છે. તેમાં સિલિકા (Silica) અને એલ્યુમિનિયમ (Alluminium) (Si + AL = Sial) વધુ માત્રામાં પ્રાપ્ત થાય છે.
- આ સ્તરની સરેરાશ ઘનતા 2.75 થી 2.90ની છે. ભૂમિખંડોની રચના સિયાલથી થયેલી મનાય છે.




- સિયાલની નીચે આવેલા સ્તરમાં સિલિકા અને મેગ્નેશિયમના તત્વો વિશેષ છે. તેથી Silica અને Magnesiumના પ્રથમ બે–બે અક્ષરો Si અને Ma પરથી આ સ્તર 'સાઈમા' (Sima) તરીકે ઓળખાય છે.
- તે બેસાલ્ટ ખડકોનું બનેલું છે : તેમાં ઘનતા આશરે 2.9 થી 4.7 છે. આ સ્તરની ઊંડાઈ આશરે 1000 કિમી છે.
- સિયાલ અને સાઈમા સ્તરો માનવ તથા પ્રકૃતિના કાર્યક્ષેત્ર ગણાય છે, જે જીવસૃષ્ટિ માટે અગત્યના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





## મિશ્રાવરણ (મેન્ટલ)

મૃદાવરણની નીચે આવેલા આ આવરણની જાડાઈ 2900 કિમી છે. તે મિશ્ર ખનીજ દ્રવ્યનું બનેલું હોવાથી તેને 'મિશ્રાવરણ' કહે છે.

- મેન્ટલની શરૂઆતનું પડ 'એસ્થેનોસ્ફિયર' (Asthenosphere) કહેવાય છે.
- તેની જાડાઈ આશરે 700 કિમી છે. આ સ્તરમાં લગભગ 3.5 ઘનતા બેસાલ્ટ ખડકો વધુ પ્રમાણમાં છે. અહીં પદાર્થો મેગ્મા સ્વરૂપમાં છે. આ એસ્થેનોસ્ફિયર ઉપર ભૂકવચ તરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ભૂગર્ભ (Core)

મેન્ટલથી પૃથ્વીના કેન્દ્ર સુધીનો વિસ્તાર ભૂ–ગર્ભ તરીકે ઓળખાય છે.

- ભૂગર્ભનો વિસ્તાર આશરે 2900 કિમીની ઊંડાઈથી લઈ પૃથ્વીના કેન્દ્ર (6370) કિમી સુધી છે.
- આ સ્તરમાં નિકલ અને ખનીજ દ્રવ્યો મુખ્ય છે. આ સ્તરમા બે ઉપવિભાગ છે : (1) આંતરિક ભૂગર્ભ અને (2) બાહ્ય ભૂગર્ભ.
- આંતરિક ભૂગર્ભને 'નિફે' (Nife) કહેવામાં આવે છે.
- પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ, ચુંબકીય બળ અને તેનો સ્થિરતાનો ગુણ આ ધાતુપિંડ અથવા ભૂ–ગર્ભ (Core)ને આભારી છે.

## જોશીમઠ અને કોસીયાકુટોલીના નામમાં ફેરફાર

તાજેતરમાં ઉત્તરાખંડ સરકારે જોશીમઠ તહસીલનું નામ બદલીને 'જ્યોતિર્મઠ' અને કોસિયાકુટોલી તહસીલનું નામ બદલીને 'પરગણા શ્રી કૈંચી ધામ' કરી દીધુ છે.

- ઉત્તરાખંડ રાજ્ય સરકારના આ પ્રસ્તાવને કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળી ગઈ છે.
- આ ઉપરાંત કૈંચી ધામના વિકાસ માટે તેને માનસખંડ મંદિરમાલા મિશનમાં પણ સામેલ કરવામાં આવ્યું છે.

### જોશીમઠ

જોશીમઠ એ ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ઋષિકેશ–બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-7) પર સ્થિત એક પહાડી શહેર છે.

- રાજ્યના અન્ય મહત્વપૂર્ણ ધાર્મિક અને પર્યટન સ્થળો ઉપરાંત આ શહેર બદ્રીનાથ, ઔલી, વેલીઓફ ફ્લાવર્સ અને હેમકુંડ સાહિબની યાત્રા કરતા પ્રવાસીઓ માટે નાઈટ હોલ્ટ તરીકે પણ જાણીતું છે.
- જોશીમઠ એ સૌથી મહત્વપૂર્ણ સૈન્ય છાવણીઓમાંની એક છે, તે ભારતીય સશસ્ત્ર દળો માટે અત્યંત વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.



- વિષ્ણુ પ્રયાગ, ધૌલીગંગા અને અલકનંદા નદીઓના સંગમથી શહેરમાંથી (ઉચ્ચ જોખમ ધરાવતું સિસ્મિક ઝોન V) પ્રવાહ એક ઉચ્ચ ઢાળ સાથે વહે છે.
- તે આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચાર મઠમાંનું એક છે.
- નોંધનીય છે કે જોશીમઠને પર્યટન સ્થળ બદ્રીનાથ અને હેમ કુંડ સાહિબનું 'ગેટવે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વૈશ્વિક પવન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જૂન (B) 15 જૂન (C) 16 જૂન (D) 17 જૂન (B)

2. 'વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ' (World Elder Abuse Awareness Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જૂન (B) 15 જૂન (C) 16 જૂન (D) 17 જૂન (B)

3. તાજેતરમાં એક નવા સંશોધન મુજબ પૃથ્વીનો કયો ભાગ તેની સપાટી કરતા વધુ ઝડપથી ફરતો બંધ થઈ ગયો છે, એટલે કે હવે તે ધીમી ગતીએ ફરે છે ?

(A) પૃથ્વીનો બાહ્ય ભાગ (B) પૃથ્વીનો આંતરિક ભાગ

(C) (A) અને (B) બંને (D) આવું કોઈ સંશોધન નથી થયું (B)

4. પૃથ્વીનું ભૂગર્ભ _____ નામે ઓળખાય છે.

(A) સિયાલ (B) નિફે (C) સાઈમા (D) મેન્ટલ (B)

5. તાજેતરમાં જોશીમઠ તહસીલનું નામ બદલીને 'જ્યોતિર્મઠ' કરવામાં આવ્યું છે, તે કયા રાજ્યમાં આવેલું છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) મેઘાલય (D) અરૂણાચલ પ્રદેશ (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ ગુજરાતની પાંચ બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણી

તાજેતરમાં ગુજરાતમાં વિધાનસભાની પાંચ બેઠકો પર પેટા ચૂંટણીનું આયોજન થયું હતું. ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી 2024માં ચૂંટાયેલા પાંચ નવ નિયુક્ત ધારાસભ્યશ્રીઓને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા ખાતે ધારાસભ્ય પદ માટેના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓએ નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં વિજાપુર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, પોરબંદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માણાવદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ લાડાણી, ખંભાત વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી ચિરાગ પટેલ અને વાઘોડિયા બેઠક પરથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્ર સિંહ વાઘેલાએ ધારાસભ્યપદના શપથ ગ્રહણ કર્યા હતા.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **પંપ એન્ડ ડમ્પ યોજના**




તાજેતરમાં SEBIએ 'પંપ એન્ડ ડમ્પ' યોજનાના કથિત સંચાલન બદલ 11 વ્યક્તિઓને દંડ ફટકાર્યો છે. પમ્પ એન્ડ ડમ્પ યોજના એ એક પ્રકારની હેરફેરની પ્રવૃત્તિ છે જેમાં શેરની કિંમત ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી દ્વારા કૃત્રિમ રીતે ફેલાવવામાં આવે છે, જેથી કરીને સ્ટોકને વધેલા ભાવે વેંચી શકાય અને રોકાણકારોને ભારે નુકસાન થાય છે. તે મેનીપ્યુલેશન વ્યૂહરચના ખાસ કરીને માઈક્રો–કેપ અને સ્મોલ–કેપ સેક્ટરમાં પ્રચલિત છે, જ્યાં કંપનીઓ વિશે ઘણી વખત મર્યાદિત જાહેર માહિતી હોય છે અને ટ્રેડિંગ વોલ્યુમ ઓછું હોય છે.

➤ **ભારતીય સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક**

સોફ્ટવેર ટેક્નોલોજીસ પાર્ક ઓફ ઈન્ડિયા (STPI)એ તાજેતરમાં તેનો 33મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. ઈન્ડિયન સોફ્ટવેર ટેક્નોલોજી પાર્કની સ્થાપના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ વર્ષ 1991માં સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ 1860 હેઠળ સ્વાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી હતી. અને તેની નોંધણી કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક (STP) અને ઈલેક્ટ્રોનિક્સ હાર્ડવેર ટેક્નોલોજી પાર્ક (EHTP) યોજનાઓ અમલમાં મૂકવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓની સ્થાપના અને સંચાલન કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **વર્લ્ડ વેલ્થ રિપોર્ટ, 2024**

કેપજેમિની વર્લ્ડ વેલ્થ રિપોર્ટ અનુસાર ભારતમાં 2022ની સરખામણીમાં 2023માં હાઈ નેટ–વર્થ ઈન્ડિવિઝ્યુઅલ (HNWI)ની સંખ્યામાં 12.2%નો વધારો થયો છે. દેશમાં હવે 3.589 મિલિયન હાઈ નેટવર્થ વ્યક્તિઓ છે. ભારતના હાઈ નેટ–વર્થ ઈન્ડિવિઝ્યુઅલની નાણાકીય સંપત્તિ 2022માં 1,286.7 બિલિયન અમેરિકન ડોલરથી 2023માં 12.4% વધીને 1,445.7 બિલિયન ડોલર થયાની ધારણા છે. જ્યારે વૈશ્વિક સ્તરે 2023માં HNWI સંપત્તિ અને વસતી અનુક્રમે 4.7% અને 5.1% વધ્યાનો અંદાજ છે. વર્ષ 2023માં ભારતનો બેરોજગારી દર ઘટીને 3.1 ટકા થયો હતો, જે વર્ષ 2022માં 7% હતો. માર્કેટ કેપિટલાઈઝેશનમાં 29.0%નો વધારો થયો છે, જે 2022માં 6% હતો. GDPની ટકાવારી તરીકે દેશની રાષ્ટ્રીય બચત 2022માં 29.9 ટકાની સરખામણીએ 2023માં વધીને 33.4 ટકા થઈ ગઈ છે.

➤ **પોડુકોટ્ટાઈના કવિનાડુ કાનમોઇ ખાતે કૃત્રિમ ટાપુઓનું નિર્માણ**



તમિલનાડુના પુડુકોટ્ટાઈ જિલ્લામાં સૌથી મોટી સિંચાઈ ટાંકીઓ પૈકીની એક કવિનાડુ કાનમોઈ ખાતે એક મોટો પર્યાવરણીય પ્રોજેક્ટ શરૂ થયો છે. તે પુડુકોટ્ટાઈ જિલ્લા તંત્ર અને કદમદાઈ એરિયા ઈન્ટીગ્રેટેડ ફોર્મર્સ એસોસિએશન (કાઈફા) દ્વારા ચલાવવામાં આવે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ધ્યેય ટાંકીની અંદર કૃત્રિમ ટાપુઓ બનાવવાનો છે. આ ટાપુઓ બનાવવા માટે સાફ કરેલ કાંપનો ઉપયોગ કરવામાં આવશે, જે ટેન્ક બેડથી લગભગ 10 ફૂટ ઉપર હશે. આ નવી ઈમારતો પર ફળ આપતા અને મૂળ વૃક્ષો વાવીને આ ટાપુઓનો મુખ્ય ધ્યેય સ્થાનિક જૈવવિવિધતા ખાસ કરીને પક્ષીઓની જાતોનું રક્ષણ કરવાનો છે.

➤ **ગલ્ફ પ્રદેશમાં ભારતીય લોકો**



તાજેતરમાં કુવૈત સિટી નજીક એક એપાર્ટમેન્ટમાં ભીષણ આગ ફાટી નિકળી હતી. જેના પરિણામે ઓછામાં ઓછા 49 લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાંથી લગભગ 40 ભારતીય નાગરિકો હતા. આ એપાર્ટમેન્ટમાં 195થી વધુ કામદારો રહેતા હતા, જેમાંથી મોટાભાગના ભારતીય નાગરિકો હતા. જેઓ કેરળ, તમિલનાડુ અને ઉત્તર ભારતના વિવિધ સ્થળોએથી આવ્યા હતા. ભારત સરકારના ડેટા અનુસાર 2021 સુધીમાં ગલ્ફ દેશોમાં અંદાજે 8.9 મિલિયન ભારતીયો રહેતા હતા. છ ગલ્ફ દેશો (UAE, સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, ઓમાન અને બહેરીન) 56% બિન–નિવાસી ભારતીયો અને 25% વિદેશી ભારતીયો ધરાવે છે.

## વિશ્વ

➤ **ભારતીય કાગડા (Corvus Splendens)**



તાજેતરમાં કેન્યાની સરકારે વર્ષ 2024ના અંત સુધીમાં 10 લાખ ભારતીય કાગડાઓ નાબૂદ કરવા માટે એક એક્શન પ્લાન શરૂ કરવાની જાહેરાત કરી છે. સ્થાનિક ઈકોસિસ્ટમ અને જાહેર જનતા પર આ પક્ષીઓની નોંધપાત્ર નકારત્મક અસરને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને કેન્યાના દરિયાકાંઠાના વિસ્તારમાં તેઓ જે સમસ્યા સર્જે છે તેના કારણે તેને ધ્યાને લેવામાં આવ્યું છે. ભારતીય ઘરના કાગડાને ભારત અને એશિયાના ભાગોમાંથી એક આક્રમક એલિયન પ્રજાતિ તરીકે વર્ણવવામાં આવી છે જે શિપિંગ પ્રવૃત્તિઓ દ્વારા પૂર્વ આફ્રિકામાં આવી હતી. કાગડાઓ લુપ્ત થતી સ્થાનિક પ્રજાતિઓનો શિકાર કરે છે, માળાઓનો નાશ કરે છે અને ઈંડા તથા બચ્ચાઓને ખાય છે, પરિણામે સ્થાનિક પક્ષીઓની વસતીમાં ઘટાડો થાય છે. આ અધોગતિ ઈકોસિસ્ટમને વિક્ષેપિત કરે છે, જેના કારણે જંતુઓની વસ્તી વધે છે અને પર્યાવરણને વધુ નુકસાન થાય છે.

➤ **ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજીનું વર્ષ**

યુનાઈટેડ નેશન્સ (UN)એ ક્વોન્ટમ સાયન્સ અને તેના ઉપયોગના મહત્ત્વ વિશે જનજાગૃતિ વધારવા માટે વર્ષ 2025ને 'ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજીનું આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે જાહેર કર્યુ છે. મે, 2023માં યુનેસ્કો જનરલ કોન્ફરન્સમાં મેક્સિકો દ્વારા આ પ્રસ્તાવની આગેવાની કરવામાં આવી હતી. અને લગભગ 60 દેશો દ્વારા અપનાવવામાં આવી હતી. ઉપરાંત વર્ષ 2025માં આધુનિક ક્વોન્ટમ મિકેનિક્સનો પાયો નાખનાર જર્મન ભૌતિકશાસ્ત્રી વર્નર હેઈઝનબર્ગ દ્વારા એક પેપરના પ્રકાશનની એક શતાબ્દી પણ પૂર્ણ થશે. ક્વોન્ટમ મિકેનિક્સની રચના માટે તેમને 1932માં ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતે 2023 થી 2031 દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા અમલમાં મૂકવા માટે એપ્રિલ, 2023માં રાષ્ટ્રીય ક્વોન્ટમ મિશન શરૂ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ડી.પી. મનુ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – જેવેલિન થ્રો

(તાજેતરમાં શ્રી ડી.પી.મનુએ તાઈવાન એથ્લેટિક્સ ઓપન 2024માં 81.58 મીટરના નોંધપાત્ર પ્રયાસ સાથે જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.)

2. તાજેતરમાં અલગ વાદળી રંગની કીડીની પ્રજાતિ કયાં મળી આવી હતી ? – અરૂણાચલ પ્રદેશ (સિયાંગ ખીણમાં)

3. 18મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ મુખ્યત્વે કયાં યોજાશે ? – મુંબઈ

4. વૈશ્વિક હેકાથોન HarBinger 2024 કોણે શરૂ કર્યુ છે ? – RBI

5. ભારતીય સેના દ્વારા તેમના ‘ગ્રો ગ્રીન ઈનિશિયેટિવ્સ’ના ભાગરૂપે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ? – સિક્કિમ

6. ગ્રામીણ મહિલા સાહસિકોને સશક્ત કરવા માટે કઈ નાણાકીય સંસ્થાએ મુથુટ માઈક્રોફોન સાથે જોડાણ કર્યુ છે ? – SBI

7. ભારતની સૌપ્રથમ એસ્ટ્રો–ટૂરિઝમ ઈવેન્ટ ‘નક્ષત્ર સભા’નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – ઉત્તરાખંડ

(ઉત્તરાખંડ સરકારે તાજેતરમાં ‘પહાડોની રાણી’ મસૂરીમાં ‘નક્ષત્ર સભા’ નામની ભારતની પ્રથમ અવકાશ પર્યટન ઈવેન્ટનું આયોજન કર્યુ હતું.)

8. તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ (IIFT)ના વાઈસ ચાન્સેલર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – રાકેશ મોહન જોશી

9. તાજેતરમાં કઈ કંપનીએ AI ચિપ પ્લેટફોર્મનું અનાવરણ કર્યુ છે ? – Nvidia

10. કઈ ઓટોમોટિવ કંપની વિશ્વનો પ્રથમ EV બેટરી પાસપોર્ટ જારી કરી રહી છે ? – વોલ્વો

11. તાજેતરમાં મ્યુનિક, જર્મનીમાં ISSF વર્લ્ડ કપ 2024માં પુરૂષોની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં કોણે ગોલ્ડ મેડલ જીત્યો છે ? – સરબજોત સિંહ

12. તાજેતરમાં ‘મોંગલા બંદર’ ચર્ચામાં હતું, તે કયા દેશમાં આવેલું છે ? – બાંગ્લાદેશ

13. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલ ‘સ્ટીકી ફુગાવો’ શું છે ?

– એક ઘટના જ્યાં ભાવ પુરવઠા અને માંગમાં ફેરફાર સાથે ઝડપથી સમાયોજિત થતા નથી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. સુહેલવા વન્યજીવ અભયારણ્ય તાજેતરમાં સમાચારમાં હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – ઉત્તરપ્રદેશ

15. તાજેતરમાં એ.જે.ટી. જોનસિંઘનું નિધન થયું હતું. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – વન્યજીવન સંરક્ષણવાદી

16. ત્રિષ્ણા મિશન પર કયા દેશની અવકાશ એજન્સી ISRO સાથે સહયોગ કરી રહી છે ? – ફ્રાન્સ

17. UDAAN પહેલ શરૂ કરવા માટે કઈ સંસ્થાએ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર UAV અને DFI સાથે સહયોગ કર્યો છે ? – IIT કાનપુર

18. 'સોર્સ કોડ : માય બિગીનીંગ્સ' નામનું સંસ્મરણ બહાર પાડવાની કોની યોજના છે ? – બીલ ગેટ્સ

19. નવા ફોજદારી કાયદાઓ વિશે માહિતી આપવા માટે NCRB દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી મોબાઈલ એપ્લિકેશનનું નામ શું છે ? – ફોજદારી કાયદાનું NCRB સંકલન

20. કઈ એરોસ્પેસ કંપનીએ તાજેતરમાં UAEના EDGE ગ્રુપ સાથે ડ્રોન, મિસાઈલ અને સાયબર ટેક્નોલોજીઓ પર સહયોગ કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – અદાણી સંરક્ષણ

21. તાજેતરમાં સમાચારમાં રહેલ 'નાગસ્ત્ર-1' શું છે ? – મેન–પોર્ટેબલ આત્મઘાતી ડ્રોન

22. કઈ રાજ્ય સરકારે તાજેતરમાં જમીનના સ્વાસ્થ્યને સુધારવા માટે 'મનુયીર કાથુ મનુયીર કપોમ' યોજના શરૂ કરી છે ? – તમિલનાડુ

23. MotoGP ભારત ઈવેન્ટ 2025 થી 2029 સુધી ઉત્તરપ્રદેશના _____ માં યોજવામાં આવશે. – નોઈડા

24. ભારતીય બહેરા ક્રિકેટ ટીમ તેની પ્રથમ દ્વિપક્ષીય T-20 શ્રેણી કયા દેશ સામે રમશે ? – ઈંગ્લેન્ડ

25. કયો દેશ 2025માં પુરૂષોના જુનિયર હોકી વર્લ્ડ કપની યજમાની કરશે ? – ભારત

26. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ' બહાર પાડ્યો છે ? – વિશ્વ બેંક

27. રાજ્યમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં કયા રાજ્યએ 'મુખ્યમંત્રી નિજુત મોઈના (MMNM)' યોજના શરૂ કરી છે ? – આસામ

28. તાજેતરમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા સાઉલોસ ક્લાઉસ ચિલિમા કયા દેશના ઉપરાષ્ટ્રપતિ હતા ?– માલાવી

29. તાજેતરમાં કયા દેશે ભારત સાથે લોકલ કરન્સી સેટલમેન્ટ સિસ્ટમ (LCSS) શરૂ કરી છે ? – UAE

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS :
## ઈતિહાસ

1. પ્લાસીની લડાઈએ ભારતમાં અંગ્રેજ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની રાજકીય સર્વોપરિતાની શરૂઆત કરી હતી. – આ નિવેદન પર ચર્ચા કરો.
2. હર્ષવર્ધનના ગુજરાત સાથેના સંબંધ ઉપર ચર્ચા કરો.
3. મેગેસ્થનીઝની 'ઈન્ડિકા'ના ખાસ સંદર્ભમાં મૌર્ય સમયના નગરપાલિકા વહીવટની ચર્ચા કરો.
4. હ્યુ–એન–ત્સાંગના નોંધ્યા પ્રમાણે વલ્લભી વિશ્વવિદ્યાલયની શિક્ષણ પ્રણાલીની વિવેચનાત્મક ચકાસણી કરો.
5. સ્વાતંત્ર સંગ્રામમાં, ખાસ કરીને ગાંધીયુગ દરમિયાન મહિલાઓની ભૂમિકાની ચર્ચા કરો.
6. હૈદરાબાદ રાજ્યના વિલિનીકરણ માટેની સરદાર વલ્લભભાઈ પટેલની નીતિની સમીક્ષા કરો.
7. રાણી વિક્ટોરિયાની 1858ની ઘોષણાની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ હતી. – ચર્ચા કરો.
8. ગુપ્ત યુગ દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ આલેખો.
9. લોર્ડ કર્ઝનની નીતિઓ અને રાષ્ટ્રીય ચળવળ પર તેમની લાંબાગાળાની અસરોનું મૂલ્યાંકન કરો.
10. આઝાદીની લડતમાં શુભાષચંદ્ર બોઝ અને મહાત્મા ગાંધીના અભિગમના તફાવતો વિશે ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT